**સુવિચાર**
પ્રત્યેક દિવસ કોઈ અપેક્ષા સાથે શરૂ થતો હોય છે અને કોઈ અનુભવ સાથે પૂરો થતો હોય છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૮/૦૬/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ જેઠ સુદ-૨ વર્ષ : ૧૫ અંક : ૧૫૧

ફ્રી....ફ્રી.... (વિનામૂલ્ય) ઓપરેશન...
નીચે પ્રમાણેના રોગો માટે ફ્રી (વિનામૂલ્ય) ઓપરેશન સુવિધા....
અકસ્માત ઈજા - ફ્રેકચર - ટ્રોમા સિઝેરિયન - પ્રસુતિ ઓપરેશન
સારણગાંઠ - એપેન્ડીક્ષ - વધરાવળ હરસ - મસા - ફીશર
પથરી - પ્રોસ્ટેટ કીડનીના રોગો કીડનીના દર્દી માટે મફત ડાયાલીસીસ
લેપ્રોસ્કોપીક સર્જરી (દૂરબીનથી ઓપરેશન)
૨૪x૭
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦૦

## મોટા માણસાનાં સરપંચે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર પાઠવીને જાણ કરી

# જાફરાબાદનાં એભલવડથી મોટા માણસાનો માર્ગ બનાવવામાં દે ધનાધન

| | | | |
|---|---|---|---|
| જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી વર્ષો બાદ માર્ગ બનવાનું શરૂ થયું તો તેમાં લોટ, પાણી અને લાકડા જેવું કામ થતું હોવાનો આક્ષેપ | ખેતરની કાળી માટી, નિયમ વિરૂધ્ધની મેટલીંગની કામગીરી થતી હોવાનો આક્ષેપ | ગામજનો અને ખેડૂતોમાં માર્ગની કામગીરી નિહાળીને નારાજગીનો માહોલ ઉભો થયો | સમગ્ર પ્રકરણ અંગે ઉચ્ચ કક્ષાએથી તપાસ થાય તો અનેક ગેરરીતિ બહાર આવવાની સંભાવના |



અમરેલી, તા. ૭
અમરેલી જિલ્લામાં જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી થતાં સરકારી માર્ગો, મકાનો કે પુલોનાં કામોમાં કયાં ભ્રષ્ટાચાર થતો નથી તે તપાસનો વિષય બન્યો છે. કારણ કે માર્ગ–મકાન (સ્ટેટ અને પંચાયત) બંને વિભાગમાં ૦.૫ થી લઈને ૧ ટકા સુધી ટકાવારી લેવાની સિસ્ટમ ઘર કરી ચુકી હોય લગભગ તમામ કામોમાં દે ધનાધન થયા વગર રહે જ નહી.

દરમિયાનમાં મોટા માણસા ગામનાં સરપંચે મુખ્યમંત્રીને પાઠવેલ પત્રમાં જણાવેલ છે કે, જાફરાબાદ તાલુકાનાં એભલવડથી મોટા માણસા અને છેલાથી મોટા માણસા રોડનું નોન પ્લાનની કામગીરી ચાલું છે અને કામમાં પુરતા પ્રમાણમાં ખોદાણ કરેલ નથી અને જે રોડની અંદર કાળી માટી ખેતરની નાખવામાં આવે છે અને હાલ જે મેટલીંગની કામગીરી કરવામાં આવે છે તેમાં પ્લાનની કાંકરીની જગ્યાએ ખેતરના પથરાળ માટીવાળી કાંકરી નાખવામાં આવે છે. એના પરીણામે ખેડૂતોમાં અને લોકોમાં ભયંકર રોષ છે. તો આ બંને કામમાં ખોદાણ તેમજ મટીરીયલ્સની પ્લાન એસ્ટીમેન્ટ પ્રમાણે યોગ્ય તપાસ કરી સારી કામગીરી કરાવવા અંતમાં માંગ કરેલ છે.

### સ્ટાઈપેન્ડ સાથે હવે પાણીની પણ સમસ્યા

# અમરેલીની ખાનગી મેડિકલ કોલેજનાં વિદ્યાર્થીઓની હાલત અતિ દયનીય

### રાજકીય આગેવાનોએ દરમિયાનગીરી કરવી જરૂરી

અમરેલી, તા. ૭
અમરેલીના ખાનગી

અનુસંધાન પાના ૬ ઉપર



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
64,590/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૦૭/૦૬/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો 95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

ગણિત શિક્ષકને અગણિત શુભકામનાઓ...
લોકસભાની ચુંટણીમાં રાજકોટ સીટ પરથી
માનનીય શ્રી પરશોત્તમભાઈ રૂપાલા સાહેબ
ને જંગી લીડથી વિજેતા થવા બદલ
લાખ લાખ અભિનંદન સહ
અગણિત શુભકામનાઓ...
શુભેચ્છક
OXFORD SCHOOL OF SCIENCE AMRELI
ઓકસફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ
શાળા પરિવાર વતી
મયુર ગજેરા (સંસ્થાના સ્વપ્નદ્રષ્ટા)
નિલેષ ગજેરા (ડાયરેકટર)
પ્રહલાદ વામજા (કેમ્પસ ડાયરેકટર)

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
મેડીકલ ઓફિસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/– થી ૧૮,૦૦૦/–
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/– થી ૩૦,૦૦૦/–
રિસેપ્સનિસ્ટ (લેડીઝ)
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : રૂા. ૭,૫૦૦/– થી ૮,૫૦૦/–
સ્વીપર (લેડીઝ)
પગાર ધોરણ : રૂા. ૭,૦૦૦/– થી ૮,૦૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨,સાંજે ૫:૩૦ થી ૬:૩૦
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

ખુબ ખુબ અભિનંદન સહ હાર્દિક શુભકામનાઓ
શ્રી ભરતભાઈ સુતરીયા
૧૪-અમરેલી લોકસભાનાં સાંસદશ્રી
અમરેલી ૧૪ લોકસભા વિસ્તારનાં સાંસદ પદે, અમરેલી જિલ્લાનાં ઈતિહાસમાં પ્રથમ વખત જંગી મતોની લીડથી વિજય થતાં આપશ્રીને ખુબ ખુબ અભિનંદન સહ શુભકામનાઓ..
શુભેચ્છક
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ, મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ - અમરેલી
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ,પરિવાર - અમરેલી

# અમરેલી–લાઠી વચ્ચેનો માર્ગ ફોરલેન સહિતનાં વિકાસકાર્યો થાય તે જરૂરી

# અમરેલીથી લાઠી વચ્ચેનાં ૨૫ કિ.મી.માં ૩ વર્તમાન અને ૩ પૂર્વ સાંસદોનું વતન

## સમગ્ર ગુજરાતનાં રાજકારણનાં એપી સેન્ટર ગણાતાં અમરેલી પંથક ૩ પૂર્વ અને ૩ વર્તમાન સાંસદોનું વતન

## રાજ્ય સરકારને ડગમગાવી દેવાની ક્ષમતા ધરાવતાં નેતાઓની હારમાળા હોય વિકાસમાં પણ અમરેલી અગ્રેસર રહે તે જરૂરી

## જિલ્લાનાં ભાજપ અને કોંગ્રેસનાં તમામ કદાવર નેતાઓ એક બને તો અમરેલીનો વિકાસ કોઈ અટકાવી ન શકે

## જિલ્લાની જનતાની સર્વાંગી વિકાસની ભૂખ ભાંગવાની પહેલ કોણ કરે છે તે જોવું રહ્યું

અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લો એ ગુજરાતનાં રાજકારણનું એપી સેન્ટર



માનવામાં આવી રહ્યું છે. ભાજપનું શાસન હોય કે કોંગ્રેસનું હોય અમરેલી જિલ્લાનાં નેતાઓની સરકારમાં ચોકકસ ભાગીદારી હોય છે. રાજ્યનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ હોય કે દેશનાં



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હોય જિલ્લાનાં ભાજપનાં નેતાઓ સાથે બંનેને ઉત્તમ સંબધ છે તે હકીકત છે.

અમરેલીનાં ઈતિહાસમાં કયારેય ન બની હોય તેવી ઘટના બની



છે. જેમાં અમરેલીથી લાઠી વચ્ચેનાં ૨૫ કિ.મી.નાં માર્ગમાં ૩–૩ વર્તમાન સાંસદોનું વતન આવેલ છે. જેમાં અમરેલીથી લાઠી જતાં ઈશ્વરીયા, જરખીયા અને દુધાળા ગામ આવે છે. જેના વતની પરશોતમભાઈ રૂપાલા, ભરત સુતરીયા બંને લોકસભાનાં અને દુધાળાનાં ગોવિંદભાઈ ધોળકીયા રાજયસભાનાં સાંસદ છે.

તદુઉપરાંત અમરેલી શહેરમાં દિલીપ સંઘાણી, વિરજી ઠુંમર અને નારણભાઈ કાછડીયા પૂર્વ સાંસદ છે. ત્યારે અમરેલીથી બાબરા, લાઠી, મહુવા, રાજુલા, બગસરા સુધીનાં માર્ગને ફોરલેન બનાવવામાં આવે તેમજ બ્રોડગેજ રેલ્વે, ઉદ્યોગોનું સ્થાપન, હીરા અને ખેતી વ્યવસાયને પ્રોત્સાહન, મનોરંજન માટે ટાઉન હોલ, લાંબા અંતરની બસ સેવા, એફએમ રેડિયો, દરિયાકાંઠાનાં સાગર ખેડૂઓને વિવિધ સહાય, ખેડૂતોને નિયમિત વીજળી અને પાણીની વ્યવસ્થા, પોષણક્ષમ ભાવો, વેપારીઓ માટે ખાસ રાહત સહિતનાં અનેક વિકાસ કાર્યોની ભૂખ રાજકીય મહાનુભાવો પૂર્ણ કરે તેવી સમયની માંગ છે.

અમરેલી જિલ્લાનાં ભાજપ અને કોંગ્રેસનાં ૧૫ થી ૨૦ રાજકીય આગેવાનો માત્ર પાંચ વર્ષ માટે નકકી કરે કે આપસી મતભેદ ભૂલી જવા છે. જિલ્લાની ૧૫ લાખની જનતા અને જિલ્લાની ભૂમિનો વિકાસ કરવો છે તો દુનિયાની કોઈ તાકત અમરેલી



જિલ્લાને વિકાસથી ધમધમતો થતો અટકાવી ન શકે.

અમરેલી જિલ્લાની જનતા રોજગારી અને માળખાકીય સુવિધાનાં



અભાવે મહાનગરો તરફ સતત સ્થળાંતર કરી રહી છે તેને રોકવાની જરૂર છે. ખેડૂતો, શ્રમિકો, રત્ન કલાકારો, બેરોજગાર યુવાનોનાં



હિતમાં કામ થાય તે અત્યંત જરૂરી છે.

---


### પ્રોહિબીશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ

# ધારીનાં શેલ ખંભાળીયા ગામનાં ઈસમની ''પાસા'' હેઠળ અટકાયત

## અમદાવાદ મધ્યસ્થ જેલ હવાલે કરાયા

અમરેલી, તા. ૭

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે અમરેલી જિલ્લામાં દારૂનું ગેરકાયદેસર વેચાણ, હેર–ફેર, ઉત્પાદન અને સંગ્રહની ગેરકાયદે પ્રવૃત્તિ કરતાં પ્રોહીબીશન બુટલેગર ઈસમો તથા પ્રોહિબીશનના ગુન્હાઓ કરવાની ટેવ વાળા ઈસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા અને આવા ગુનેગારોને કાયદાનું ભાન થાય, તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદઢ બને, તે માટે થઈ પાસા–તડીપારનાપ્રવર્તમાનકાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.



એ.એમ. પટેલે અમરેલી જિલ્લામાં પ્રોહીબીશનની પ્રવૃતિ કરતા ઈસમ સજવીર બળવંતભાઈ વાળા, (રહે.સેલ ખંભાળીયા, તા.ધારી), વાળા વિધ્પ્રધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક અમરેલી મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટ અમરેલી તરફ મોકલી આપેલ હતી.

આવા ઈસમની સમાજ વિરોધી પ્રવૃત્તિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં, અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ અજય દહિયાએ ઉપરોકત ઈસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કરતાં, અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહની સૂચના મુજબ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. તથા એલ.સી.બી. ટીમ દ્વારા સજવીર બળવંતભાઈ વાળાને પાસા વોરંટની બજવણી કરી, મધ્યસ્થ જેલ, અમદાવાદ ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

---

### ભાજપની ૪૦૦ સીટ ન આવતા અમરેલીની ૪૦૦ દુકાનો સીલ કરવામાં આવી

## તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનિષ ભંડેરીનુ નિવેદન

અમરેલી, તા. ૭

તાજેતરમાં ભારત દેશમાં લોકસભાની ચૂંટણીઓ પૂર્ણ થઈ, જેમા ભાજપની અને તેના સાથી પક્ષોની સાથી પક્ષોની ૪૦૦ પ્લસ બેઠક મેળવવાનુ સપનુ ચકનાચૂર થલ ગયુ છે. જેની દાઝ રાખીને અમરેલી શહેરમાં જિલ્લા પંચાયત રોડ પર આવેલા સરદાર શોપિંગ સેન્ટરમાં અંદાજે ૪૦૦ જેટલી દુકાનો ફાયર સેફટીના અભાવે સીલ કરીને નાના વેપારીઓ ધંધા રોજગાર વગરના ભાજપના શાસકોએ કરી દીધા છે. એકબાજુ રોજગારી આપવાની વાત કરતા ભાજપના શાસકો નાના–નાના વેપારીઓની રોજગારી છીનવાની કામ કરી રહી છે. ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં ભારત દેશની જનતાએ શિક્ષણ, આરોગ્ય, રોજગારી, મોંઘવારી વગેરે જેવા મુદાઓને ધ્યાનમાં રાખીન મતદાન કરીને ભાજપનુ ૪૦૦ પ્લસ સીટીનો સપનુ ચુકનાચૂર કરી નાખ્યુ છે, જે દાઝ ભાજપના શાસકો અમરેલી શહેરના નાના–નાના વેપારીઓ દુકાનોને સીલ મારીને બદલો લઈ રહ્યા છે. જયારે કોઈપણ કોમર્શિયલ કોમ્પ્લકસ બનાવવામાં આવે ત્યારે તેના અભિપ્રાય માટે નગરપાલિકા અને ફાયર સેફટી ઓફિસરની એન.ઓ.સી વગર બાંધકામ કરી શકાતુ નથી. તો આમ માત્ર ને માત્ર અમરેલી નગરપાલિકા, ફાયર સેફટી ઓફિસર, કોમ્પ્લેકસ બનાવનાર બિલ્ડર જવાબદાર બને છે, આમા નાના વેપારીઓનો કોઈ જ વાંકનથી. આ તો પાડા વાંકે પખાલીને ડામ આપવાનુ કામ શાસકો કરી રહ્યા છે.

---

### ધોળકીયા ફાઉન્ડેશનની જળ સંચયની કામગીરી રંગ લાવી

# ખારાપાટ વિસ્તારમાં શ્રેષ્ઠ કેસર કેરીનુ થયુ મબલખ ઉત્પાદન

## ખારાપાટ વિસ્તારની કેસર કેરીનો સ્વાદ ખુણે ખૂણે પહોંચ્યો

લીલીયા, તા. ૭

લાઠી તાલુકાના હરસુરપુર દેવલીયાથી લીલીયા તાલુકાના ક્રાંકચ સુધી ખારાપાટ વિસ્તારમાં પાછલા પાંચ દાયકા ઉપરાંત સમયથી હજારો વિઘા જમીન પડતર પડી હતી. જેમાં ગાંડા બાવળ અને જંગલો જામી રહ્યા હતા. એવા સમયે ધોળકીયા ફાઉન્ડેશન પદ્મ સવજીભાઈ ધોળકીયા એ જળ એ જ જીવન સુત્ર લઈ રાતદિવસ મહેનત કરી દૂધાળા નજીક હરીકૃષ્ણ સરોવરનુ નિર્માણ કર્યૂ. જેનુ ઉદઘાટન વડાપ્રધાન નરેન્દ્રમોદીના હસ્તે કરવામાં આવેલ. ત્યારબાદ ગાગડી નદીમાં અનેક સરોવરનુ નિર્માણ કરવામાં આવેલ. જેના પરિણામ સ્વરૂપે જળ, જમીન અને વાતાવરણ અનુકુળ બનતા ખેડૂતોએ પાંચ દાયકા બાદ ફરી પોતાની ખેતીમાં ઉત્પાદનત લેવાનુ શરૂ કરતા ખારાપાટ વિસ્તારની હજારો વિઘા જમીન મૃતપાઈ થયેલ તેને ફરી જીવીત થયેલ છે. હરસુખપુર ધોળકીયા દુધાળા ગાગડીયા નદીના કાંઠે પદ્મ સવજીભાઈ ધોળકીયાએ ૨૫ હજાર કરતા વધારે આંબાનુ વાવેતર કરેલ. આ વર્ષે આંબામાં વધુ મિઠી કેસર કેરીનુ મબલક



ઉત્પાદન આવતા ખારાપાટામાં ગાંડા બાવળ સિવાયય કશુ જ થાય નહી એની કહેવત ખોટી પાડી દેશના ખૃણે ખુણે ખારાપાટા કેસર કેરીનો સ્વાદ પહોંચ્યો. ખારાપાટાના ખેડૂતોમાં પણ એક નવી આશા જાગી છે. કે ગાગડીયા નદી પર ધોળકીયા ફાઉન્ડેશનના પદ્મ સવજીભાઈ ધોળકીયા અને રાજય સરકાર દ્વારા થઈ રહેલ જળ સંચયની કામગીરી ખારાપાટ વિસ્તારને ખેત ઉત્પાદન માટે આશીવાર્દ સાબિત થઈ રહી છે. તેમ મનોજ જોષની યાદીમાં જણાવ્યુ છે. પદ્મ સવજીભાઈ ધોળકીયાએ જણાવ્યુ હતુ કે, ખારાપાટ વિસ્તારની ગાગડીયા નદી પર જળ સંચયની કામગીરી થઈ રહી છે. તેના કારણે જળ, જમીન અને વાતાવરમાં બદલાવ આવ્યો છે. જેને લઈ ખેતી ઉત્પાદનમાં મોટો ફાયદો જોવા મળી રહ્યો છે.

---

### એડવોકેટ વનરાજભાઈ વાળાની દલીલોનાં આધારે

# ધારીનાં ઝર ગામના એટ્રોસીટીનાં ગુન્હામાં આરોપીનો નિર્દોષ છુટકારો

## એડિશ્નલ સેશન્સ જજ શ્રી એમ. એન. શેખનો ચુકાદો

અમરેલી, તા. ૭

ધારીના ઝર ગામના એટ્રોસીટીના ગુન્હાના અરોપીને નિર્દોષ છુટકારો થયો છ. વિગત એવા પ્રકારની છે કે, આ કામની ફરિયાદ તા. ૧૧/૬/૨૦૨૦ ના રોજ આ કામના ફરિયાદ પરેશભચાઈ ભાણજીભાઈ ખેતરીયા ઝર ગામમાં તેના પિતા પાણી છોડવાનુ કામ કરતા હોય બપોરે ૧૨ વાગ્યે આ કામના આરોપી યુનુસભાઈ ગોદડભાઈ લલીયાએ ભાર વાહન રીક્ષા સાથે આવી ફરિયાદીના પિતાને પાણી નહી છોડવાની કહી ફરિયાદ સાથે ઝઘડો કરી ભુંડા બોલી, ગાળો આપી, ફરિયાદી તથા સાહેદને માર મારી ડાબા પગના



સાંથળ ઉપર તેમજ ડાબા હાથના બાવડાના ભાગે મુંઢ ઈજાઓ કરી જાનથી મારવાની ધમકી આપી તથા જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી હડધુત થાય તેવા શબ્દો બોલેલા. તે બાબતે ફરિયાદી ધારી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરેલ હતી. જે બાબતે પોલીસે તપાસ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪,૫૦૬(૨) તથા એટ્રોસીટી એકટ ની કલમ ૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–અ) મુજબના ગુન્હાનુ ચાર્જસીટ કરવામાં આવેલ હતુ.

આ કામે ચાર્જસીટ થયા પછી ધારીના એડીશનલ સેશન્સ જજ શ્રી એમ.એન. શેખ સમક્ષ આ કેસ ચલાવવામાં આવેલ, અને ફરિયાદ પક્ષ તરફથી પોતાનો કેસ સાબીત કરવા માટે ઘણા મૌખીક તથા લેખિત પુરાવાઓ રજુ કરવામાં આવેલ હતા.

---

### વીર શહીદ મનિષ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

# અમરેલીમાં વિશ્વ પર્યાવરણ દિને ચકલી ઘર અને પક્ષીના પાણીના કુંડાનુ વિતરણ

## નાયબ દંડક, સાંસદ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૭

વિશ્વ પર્યાવરણ દિવસે અમરેલીના વીર શહીદ મનીષભાઈ મહેતા મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા ચકલી ઘર તેમજ પક્ષીના પાણીના કુંડાનુ વિતરણ કરવામાં આવ્યુ. આ પ્રસંગે અમરેલીના સાસંદ ભરતભાઈ સુતરીયા ગુજરાત રાજયના નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા, અમરેલી નગરપાલિકા પ્રમુખ બીપીનભાઈ લીબાણી, દિલાભાઈ વાળા, નગરપાલિકા સદસ્ય ટીમ રશ્મિનભાઈ ત્રિવેદી મૌલિકભાઈ ઉપાધ્યાય એડવોકેટ ઉદયનભાઈ ત્રીવેદી, મુકુંદભાઈ મહેતા, નરેશભાઈ મહેતા, ચિરાગભાઈ ત્રીવેદી, રચીક મહેતા, ડો. પંકજભાઈ ત્રિવેદી, પ્રતાપસિંહ રાઠોડ, કુણાલભાઈ વ્યાસ, સાગરભાઈ મહેતા, કિશનભાઈ તેમજ વિવિધ સંસ્થાઓના આગેવાનો આ કાર્યક્રમમાં ઉપસ્થિ ત રહ્યા રહેલ. વિર શહીદ મનીષ મહેતા ટ્રસ્ટના પ્રમુખ પ્રકાશભાઈ મહેતા રાજગોર દ્વારા જણાવેલ.

---

### નવરા બેઠા નળમાં તીનપત્તી શરૂ કરી

# ધારીનાં સમુહખેતી બોરડી ગામે જુગાર રમતાં પાંચ ઈસમો ઝડપાયા

## પોલીસે રૂપિયા ૧૧૬૫૦નો મુદ્દામાલ કબ્જે કર્યો

અમરેલી, તા. ૭

ધારી તાલુકાના સમુહખેતી બોરડી ગામે રહેતા મનસુખભાઈ નાગજીભાઈ ગજેરા તથા ધારી તાલુકાના ગીગાસણ ગામે રહેતા મથુરભાઈ જીણાભાઈ કોટડીયા, ભરતભાઈ ગોરધનભાઈ સાવલીયા, હિમંતભાઈ બાવભાઈ અંટાળા, પ્રવિણભાઈ નાથાભાઈ વઘાસીયા સહિત પાંચેય ઈસમો તા. ૬ના ૧/૪૫ વાગ્યે ગીગાસણ ગામની સીમમાં આવેલ બાલુભાઈ નાગજીભાઈ ગજેરાની વાડીએ જવાના રસ્તે નળમાં જાહેરમાં તીનપત્તીનો હાર જીતનો જુગાર રમી રમાડી રોકડ રકમ રૂપિયા ૧૧,૬૦૦ તથા હાથબતી કિમત રૂા.૫૦ મળી કુલ કિમત રૂપિયા ૧૧,૬૫૦ ના મુદામાલ સાથે ઝડપાઈ જતાં પોલીસે ધરણાસર કાર્યવાહી હાથ ધરી હતી.


''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭



શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત

(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)

શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ

ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯

પ્રવેશની ઉત્તમ તક...

ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે.

પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે

F.Y.B.Com. SEMESTER-I | S.Y.B.Com. SEMESTER-III | T.Y.B.Com. SEMESTER-V | M.Com. SEMESTER-I

- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ

- તદન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી

મો.૮૪૬૦૬ ૮૭૨૫૧

મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮

www.mdscollege.org

## શહેરને સુવર્ણ કુંડલા બનાવવાનાં અભિગમને સાર્થક કરવાનો પ્રયાસ કરતા ધારાસભ્ય કસવાલા

# ભૈ વાહ : સાવરકુંડલામાં ૭ ઘંટા ગાડી અને જેસીબીનું લોકાર્પણ

**નવનિયુક્ત સાંસદ ભરત સુતરીયાએ દિલ્હીથી કોલ કરીને પાલિકાનાં શાસકોને બિરદાવ્યા**

**ડોર ટુ ડોર ભીનો અને સુકો કચરો એકત્ર કરીને તેનો યોગ્ય નિકાલ કરાશે**

**આગામી દિવસોમાં નાવલી નદી ઉપર રીવરફ્રન્ટ સહિતનાં વિકાસ કાર્યોનો ધમધમાટ શરૂ થશે**

**વાહનોનાં લોકાર્પણ પ્રસંગે પાલિકાનાં પ્રમુખ મેહુલ ત્રિવેદી સહિતનાં પદાધિકારીઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યાં**



સાવરકુંડલા, તા. ૭

સાવરકુંડલાને સુવર્ણ કુંડલા બનાવવાના ધ્યેય સાથે દિવસ રાત સતત કાર્યશીલ રહેતા ધારાસભ્ય મહેશ કસવાળાની રજૂઆત અન્વયે સરકાર દ્વારા સ્વચ્છતા મિશન અંતર્ગત ભીનો, સુકો કચરા ઘર ઘર સુધી પાલિકાની ઘંટા ગાડી ભરી જાય તે માટે ૭ ઘંટા ગાડી અને ૧ જે.સી.બી.નું લોકાર્પણ ધારાસભ્યના વરદહસ્તે નાવલી નદીના ત્રિકોણ સર્કલ ખાતે રાખવામાં આવેલ હતું. જેમાં પાલિકાના સત્તાધીશો, ચૂંટાયેલા સદસ્યો સહિત પ્રબુદ્ધ શહેરીજનો ની વિશેષ ઉપસ્થિતિ વચ્ચે ધારાસભ્ય મહેશ કસવાળાએ પાલિકાના નવા વાહનોને લીલી ઝંડી આપીને શહેરની સુખાકારી માટે અર્પણ કરવામાં આવ્યા હતા. લોકાર્પણ કાર્યક્રમ વખતે ધારાસભ્ય કસવાળાએ લોકસભાની ચૂંટણીમાં સાવરકુંડલા લીલીયાના મતદાતાઓનો સહૃદય આભાર વ્યકત કર્યો હતો. ધારાસભ્ય મહેશ કસવાલા ૨૦૨૨ ની વિધાનસભા ચૂંટણીમાં ૩૭૦૦ મતે વિજેતા થયા તો સાવરકુંડલા-લીલીયાની જનતા જનાર્દને ૩૭ હજારની લીડ સાથે લોકસભા બેઠકમાં અપાવી તેનો ૠણ કાયમી અંકિત રહેવાનું ધારાસભ્ય કસવાલાએ જણાવ્યું હતું. જયારે એન.ડી.એ.ની સ્પષ્ટ બહુમતી સાથેની સરકારમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ત્રીજી વાર શપથ ગ્રહણ કરી રહ્યા હોય ત્યારે ચંદ્રબાબુ નાયડુ ને નીતીશકુમાર આડા હાલશે તેવી કોંગ્રેસી કાર્યકર્તાઓની વહેતી ચર્ચાઓ પર માર્મિક ટકોર ધારાસભ્ય કસવાલાએ કરીને કોંગ્રેસને ટોણો માર્યો હતો. જયારે હંમેશા વિકાસના કામો પ્રત્યે સંવેદનશીલતા સાથે સાવરકુંડલાને ૫ વર્ષમાં એક નવું સુવર્ણ કુંડલા સ્થાપિત કરવા સાથે નાવલી નદી પર રિવરફ્રન્ટ એક અમરેલી જિલ્લામાં નવી ઓળખ ઊભી થવાના દિવસો દૂર નથી તેવું પણ ધારાસભ્ય કસવાલાએ જણાવ્યું હતું ને આ પાલિકાના વાહન લોકાર્પણ કાર્યક્રમ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ શરદભાઈ પંડયા, શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા, નગરપાલીકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, તાલુકા પંચાયત સદસ્ય મનુભાઈ ડાવરા, શહેર ભાજપ મહામંત્રીઓ રાજેશભાઈ નાગ્રેચા, વિજયસિંહ વાઘેલા, સેનિટેશન ચેરમેન મેઘાબેન હેમાંગભાઈ ગઢીયા, નગરપાલિકા ચીફ ઓફિસર એચ.પી. બોરડ, નગરપાલિકા હોદ્દેદારો, ચેરમેનો સદસ્યો, જિલ્લા હોદ્દેદારો, શહેર હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા તેમ સાવરકુંડલા નગરપાલિકાની અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ધારી ખાતે ૧૦ જુનના રોજ ફ્રી સમર સ્કિલ ડેવલપમેન્ટ કેમ્પ યોજાશે

અમરેલી, તા. ૭

આઈ.ટી.આઈ-ધારી ખાતે તા. ૧૦ જૂન, ૨૦૨૪ થી તા. ૧૨, જૂન, ૨૦૨૪ સુધી 'ફ્રી સમર સ્કિલ ડેવલપમેન્ટ કેમ્પ'નું સવારે ૧૦:૩૦ વાગ્યા થી ૧૨:૩૦ વાગ્યા સુધી આયોજન હાથ ધરવામાં આવ્યુ છે. કેમ્પમાં ધોરણ ૦૮ પાસ કે તેથી વધુ લાયકાત ધરાવતા ઉમેદવારો સંસ્થાની તાલીમથી વાકેફ થાય તેમ જ ઉમેદવારોને રોજગારલક્ષી તાલીમ મળી રહે તેવા હેતુથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પ અંતર્ગત કોમ્પ્યુટર ગૃપ, સિવણ ગૃપ, ઈલેકટ્રીક ગૃપ, મિકેનિક ગૃપ, ઓટોમોબાઈલ ગૃપ, જેવા વિવિધ ગૃપની પ્રાયોગિક તાલીમ યોજાશે. ઉપરાંત તાલીમ પૂર્ણ કર્યા બાદ તમામ વિધાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે. આ સંસ્થા સંપૂર્ણ સરકારી સંસ્થા છે, ભાગ લેવા ઈચ્છુક તમામ ઉમેદવારોએ ૯૭૨૬૬ ૬૭૩૬૨ પર પોતાનું નામ લખી વ્હોટસએપ મેસેજ કરી તા. ૦૯ જૂન, ૨૦૨૪ સુધીમા રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે તેમ આચાર્ય એદ્યોગિક તાલીમ સંસ્થા- ધારીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### સામાન્ય બાબતને લઈને બઘડાટી બોલી

# લાઠીના ચાવંડ ગામે સુરેશભાઈ નાવડીયા નામનાં યુવક ઉપર ૪ ઈસમોએ કર્યો હુમલો

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૭

લાઠી તાલુકાના ચાવંડ ગામે રહેતા સુરેશભાઈ પ્રવીણભાઈ નાવડીયા નામનાં ૨૯ વર્ષિય યુવક પોતાના ઘર પાસે આવેલ બજારમાં નિકળેલ હતા. ત્યારે તે જ ગામે રહેતા દિલીપભાઈ માધાભાઈ કાવઠીયા, અર્જુનભાઈ રવજીભાઈ કાવઠીયા, વિશાલભાઈ રવજીભાઈ કાવઠીયા અને મનસુખભાઈ માધાભાઈ કાવઠીયા બજારમાં ઉભેલ હતા અને છેડતી બાબતે વાતો કરતા હતા. ત્યારે યુવક તેમની પાસે જતા આરોપીઓએ યુવકને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગેલા જેથી યુવકે ગાળો દેવાની ના પાડતા આરોપીએ એકદમ ઉશ્કેરાઈ જઈ પોતાની ઘરેથી લોખંડનુ ધાર્યુ લાવી યુવકને માથાના ભાગે મારી ગંભીર ઈજા કરી હતી. દેકારો થતા યુવકના માતા તથા પત્નિ આવી જતા આરોપીએ જેમ ફાવે તેમ ગાળો આપી યુવકને લાકડાના ધોકાથી લોખંડના પાઈપનો એક ઘા મારી ઈજા કરેલ હતી. સારીકાબેન વચ્ચે પડતા તેણીના વાંસાના ભાગે મુંઢ ઈજા કરેલ તેમજ ગીતાબેનને કાંડાના ભાગે મુંઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાય છે.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા) આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪



HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
કેશ ડિસ્કાઉન્ટ ₹5000/-*

ઓછુ ડાઉનપેમેન્ટ ₹5999/-*
દમદાર માઈલેજ | શાનદાર સ્ટાઈલ
મજેદાર કમ્ફર્ટ | વ્યાજબી ભાવ
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨



Navnit
MARUTI SUZUKI CELERIO
મારૂતિ સુઝુકીનો શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો

મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 9904649999 સર્વિસ : 9904549999



જોઇએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
મિકેનીક...... ૩
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪



YAMAHA RACING
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક


* - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪



શિવ ફરસાણ (ધારીવાળા)

સ્પે.નાયલોન ખમણ
ખમણ હાજરમાં મળશે.
ખજુરની ચટણી સાથે
નારણ આઈસ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



Hero
Go BIG Go XOOM


Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
navnit@heromotocorp.biz



અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ
એકલવ્ય કોમર્સ
ધોરણ 11-12 કોમર્સ (ગુજરાતી માધ્યમ)
100 % કોમર્સ
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ-૧૧ કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી સંસ્થા
વિદ્યાર્થી મિત્રો,, વાલી શ્રી..
શું ધોરણ 10 માં PR આપના સંતાન ને ઓછાં આવ્યાં છે ??
નબળા પરિણામ થી નિરાશ છો ??
ધોરણ 10 કરતા ધોરણ 12 કોમર્સ માં ઉચ્ચ PR લાવવા માંગો છો.??
નબળા વિદ્યાર્થી ઓનું સબળું પરિણામ લાવી આપવાની ખાત્રી આપતી કોમર્સ સ્કૂલ.
એક વાર અમારી અવશ્ય મુલાકાત લ્યો..

ધો. 10 P.R. આધારીત સ્કોલરશીપ

| ધો. 10 P.R. | ફી માફી |
|---|---|
| A1 Grade | 100% |
| 95 થી ઉપર P.R. | 25% |
| 90 થી 95 P.R. સુધી | 20% |
| 85 થી 90 P.R. સુધી | 15% |
| 65 થી 85 P.R. સુધી | 10% |
| 50 થી 65 P.R. સુધી | 05% |

બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠયપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા Free માંજ આપવામાં આવશે
શું કામ Special Commerce તો આ રહી અમારી વિશેષતાઓ:
→ દરેક વિષયનો સરળતાથી અને શ્રેષ્ઠ અભ્યાસ કરાવી શકે તેવા અનુભવી શિક્ષકોની ટીમ
→ ધોરણ 11/12 માં દરેક વિષયનું 900 માર્કસનું પરીક્ષાલક્ષી અતિ મહત્વનું મટીરીયલ
ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા
એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો..
નિકુંજ ગઢવાલા ૭૧૦૬૬ ૩૪૪૨૬
ભરત સાવલીયા ૯૯૭૯૪ ૪૯૬૪૯
લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણનગર, અમરેલી

# પગદંડી/લેખન



## સુખની શોધમાં આપણે

– શ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

"તેન ત્યકતેન ભૂન્જિથા" ત્યાગીને, ત્યજીને ભોગવી જાણ." પણ આપણે ગ્રહીને, સ્વીકારીને ભોગવવા જન્મેલા છીએ. મારૂં મારૂં કરી ઢમઢોલ બની જવા માગીએ છીએ. જગતમાં જે કંઈ સારૂં, ઉત્તમ શ્રેષ્ઠ છે તે બધું મારૂં છે,

મારૂં થાય આપણુ ચાલે તો આપણે આપણી જાત સિવાય કોઈનું અસ્તિત્વ સ્વીકારવા તૈયાર જ નથી પણખ જયારે આપણા જીવનમાં રસ્તામાં કામમા બીજું કોઈ આવે છે ત્યારે દુઃખની શરૂઆત થાય છે.

પશુ પક્ષીનું પેટ ભરાઈ જાય છે પછી સોનાનું હોય તોય છોડી દે છે પણ એક માણસ એવી જાત છે કે જેનું પેટ, મન ભરાતાં જ નથી. આપણું પેટ, મન કાણાવાળા લોટકા જેવું છે. કયારેય ભરાતું જ નથી. "સુખ સુખ સબ રટે સુખ સમજે ન કોઈ એક બાર સુખ સમજે દુઃખ કયારે ન હોય સાચું ને શાશ્વત સુખ એમાં છે એની સમજણ આપીને નથી એટલે થજ વિચારકો કહે છે કે સાચું સુખ સમજણમાં છે. આ કાનામાતર વિનાનો "સમજણ" શબ્દ જ સાચા સુખની વ્યાખ્યા છે.

સંસ્કૃતમાં સુખની વ્યાખ્યા આપતા કહ્યું છે, "યો વૈ ભૂમા તત્સખમ" સુખ વ્યાપકતામાં આપણે માની લીધેલા ખ્યાલો સંકુચિત દ્રષ્ટિ એકાંગી વિચારધારા, પૂર્વ ગ્રહોથી જ ઉદ્વવે છે. આપણા પ્રસિદ્ધ સાહિત્યકાર વાર્તાકાર ધૂમકેતુ તેમની પોસ્ટ ઓફિસ વાર્તામાં લખે છે, "માણસ પોતાની દ્રષ્ટિ છોડીને બીજાની દ્રષ્ટિથી જુએ અડધું જગત શાંત થઈ જાય. "પણ એનાથી ઊલટું જ થઈ રહ્યું છે.

આજે સર્વત્ર ઘરમાં બહાર, રાજકારણ સમાજ, શિક્ષણ, ધર્મમાં જે તનાવ છે તેનું મુખ્ય કારણ માત્રને માત્ર સ્વકેન્દ્રપણુ છે. કેવો ફરક પડી જાય ? હઠાગ્રહની જગ્યાએ સ્વીકાર, ન્યાય વિવેક અને વિશાળ દ્રષ્ટિ સુખ અને શાંતિ આપે છે.

સમગ્ર સૃષ્ટિની પાછળની એકતા છે અને પરસ્પર સહુ ચેતનાના એક જ પ્રવાહ સાથે સંકળાયેલા છે. અન્ય માટે છોડવું તે જ સુખ છે. "વસુધૈવ કુટુંબકમ"ની ભાવના મરી પરવારી છે. બોલવામાં ભાષણ કરવામાં, સારૂં લાગે છે પણ વર્તનમાં ?

વિનોબાજીનું કથન અહીં નોધવું ઉચિત ગણાશે, "સુખ અને દુઃખમાં સૂક્ષ્મ સંસ્કૃત અર્થો છે. "ખ" એટલે આકાશ. જયાં આકાશ સુલભ છે તે સુખ છે અને જયાં આકાશ દુર્લભ છે તે દુઃખ છે." સુખમા પતિતમ સેવ્યમ દુઃખમાપતીતમ તથા ।

ચક્રવત પરિવર્તન્તે દુઃખાનિ ચ સુખાની ચ । મહાભારત અનુસાર અનાયાસ આવેલા સુખનું તેમજ દુઃખનું સેવન કરો. ગાડાના પૈડાની જેમ સુખ અને દુઃખ ફર્યા જ કરે છે અર્થાત આવતું જતું રહે છે. કવિ કહે છે, "માનવ જીવનની ઘટમાળ એવી સુખ અલ્પ થકી દુઃખથી ભરેલી" પણ એક વાત નિશ્ચિત છે દુઃખી થવું કે સુખી થવું એ આપણા દ્રષ્ટિકોણ વલણ પર નિર્ભર રહે છે. આપણે વિધાયક રીતે જોઈએ તો સુખ અને દુઃખ પણ.

મરીજનો એક શેર છે....બસ એટલી સમજ મને પરવાર દિગાર દે સુખ જયારે જયાં મળે ત્યાં બધાના વિચાર દે.સુખ કે દુઃખ કોઈ ગાંધીને ત્યાં વેચાતા મળતા નથી અથવા અન્યથા આપણે સુખ વધુ ને વધુ ખરીદી લેત. કોઈના ભાગે સુખ આવવા જ ન દેત. સુખ અને દુઃખ માનસિક છે.આપણુ મન જયારે બહાર ભટકવા લાગે છે ત્યારે દુઃખ અનુભવે છે પણ જયારે એની અપેક્ષાઓ ફળીભૂત થાય છે ત્યારે એ પોતાના સ્થાનમાં પાછું ફરે છે અને સુખ અનુભવે છે.એ આત્મા છે. ટૂંકમાં સુખ દુઃખ મનના કારણ છે

સુખ મેળવવાના સરળ ઉપાયો બતાવતા શ્રી માતાજી લખે છે, "હંમેશા પ્રેમાળ રહો, ટીકાઓથી દૂર રહો, બધું ખરાબ છે એમાંથી બહાર આવો, બધું પ્રભુ કૃપાથી જ થાય છે એમ મન બનાવો તો તમારી અંદર અને બહાર આસપાસ શાંત આનંદના સુખનું વાતાવરણ ફેલાઈ જશે. પરિણામે તમે સુખ અને શાંતિ અનુભવશો." આપણા જીવનમાં ત્રણ પ્રકારના દુઃખ છે. આધિ વ્યાધિ અને ઉપાધિ. અથવા આધી દૈવિક આદિ ભૌતિક અને આધ્યાત્મિક. આ ત્રણેય દુઃખોમાંથી છૂટવા માટે, શાંતિ મેળવવા શાંતિ પાઠ કરીએ છીએ. એનું રહસ્ય એ છે કે આપણા જીવનમાં આ ત્રણ પ્રકારના દુઃખો ન આવે અને પરમ શાંતી બની રહે."સર્વમ પરવશમ સુખમ" બીજા ઉપર અવલંબિત છે તે બધું દુઃખ છે અને જે પોતા પર આધારિત છે તે બધું સુખ વલખા મારતા હોય છે, એ મને તમને કયાંથી સુખ આપી શકવાનું હતું ? કહે છે ને ગોધન, ગજધન, વાજીધન સબ ધન રતન ખાન,
જબ આવે સંતોષ સબ ધન ધૂરી સમાન.

મેળવેલું ઝૂટવી લીધેલું સુખ વધુ વખત ટતુંનથી. જગતના તમામ ધનમાં સંતોષરૂપી ધન સર્વશ્રેષ્ઠ છે. સંતોષરૂપી ધન સર્વ શ્રેષ્ઠ છે. સંતોષ મનુષ્યને પૂર્ણ બનાવે છે. એનો અસંતોષ નિર્મૂળ પામે છે અને આધ્યાત્મિક રૂપે ભરપૂર બની જાય છે.

જન્મથી લઈ મૃત્યુ પર્યત સુખદુઃખની ઘટમાળ ફર્યા જ કરવાની. આપણે જાણી છીએ કે સુખ કે દુઃખ શાશ્વત નથી. પેલા પાણીના રેટની માફક ભરાય છે અને ખાલી થાય છે. દિવસ રાત થાય છે, અંધારાને પ્રકાશ દૂર ભગાડે છે એમ દુઃખ એ સુખનો પૈગામ લઈને આવે છે, પણ દુઃખમાં આપણે દુઃખી થઈએ છીએ, હરેરી જઈએ છીએ અને પછી ઉતાવળિયા નિર્ણયોથી સુખી થવાને બદલે દુઃખી થવાનો વારો આવે છે અથવા આપણી દુર્ગતિ થાય છે, માત્ર સુખ જ આપણું જીવન છે એમ માની લેવું અર્ધ સત્ય છે. જો જીવનમાં દુઃખ ન હોય તો તેની પાછળ આવતો સુખનો અહેસાસ કયાંથી થશે ? મહાભારતના યુદ્ધ બાદ કૃષ્ણ વિદાય લે છે ત્યારે માતા કુંતાને કૃષ્ણ માગવાનું કહે છે ત્યારે કૃંતા કહે છે, "વિપદઃ સંતુ શશ્વત."

"હે પ્રભુ ! "અમારા ઉપર સર્વદા વિપતિઓ વરસાવજો" કૃષ્ણએ નવાઈ પામી પૂછયું, "માતા આવું કેમ માગ્યું ?" દુઃખમાં હોઈશું તો તમારૂં સ્મરણર રહેશે, તમારાથી નજીક રહેશું. અમે કયારેય તમારાથી દૂર થવા ઈચ્છતા નથી" આવી પડેલ દુઃખમાં આપણે ઈશ્વરની નજીક હોઈએ છીએ પણ જેવું દુઃખ મટયુ દૂર થયું કે, "પીડા મટીને વૈદ્ય વેરી"જેવી દશા આપી થાય છે. પછી આપણે ઈશ્વરને ભૂલી સુખ વૈભવમાં ગળા ડૂબ જઈએ છીએ.

અંતમાં એક મજૂર રાજાને કહે છે, "મહારાજ થોડી જગ્યા આપો તો એક ઝૂંપડીઅ બનાવી રહી શકું". રાજાએ કહ્યું,"ભાઈ, જો આ બધી મારી જગ્યા છે, તું સાંજ સુધીમાં જેટલી જમીન પર ચાલીશ એટલી જમીન તારી. "પેલો મજૂર ખુશ થઈ ગયો. સ્વપ્રા જોવા લાગ્યો. તેણે વિચાર્યુ ચાલે મારી બલા હું દોડીશ. ખૂબ મોટી જમીન મેળવી લઈશ. અને તે મજૂર માડયો દોડવા. હજી વધુ હજી વધુ ને જયારે રાજા પાસે પહોંચ્યો ત્યારે ઢળીપડયો ને પરલોક સીધાવી ગયો. બસ મજુરની માફક જ આપણી દોટ સુખ પાછળ છે. પણ એની પછી જે દૂરગતિ થવાની છે એનો આભાસ થતો નથી. માટે જે મળ્યું છે એ પર્યાપ્ત છે, સોનાનું છે, વધુ કંઈ જોઈતું નથી, એટલું જો કહી શકીએ તો જગતમાં આપણી જેટલું કે જેવું કોઈ સુખી નહીં હોય. કહે છે ને ભાગ્યથી વધુને સમયથી પહેલા કશું મળતુ નથી.

સુખ દુઃખના સંબંધ સંદર્ભે કરસનદાસ માણેક આમ કહે છે, "દુઃખની ઉપયોગીતા જો કોઈ હોય તો એ છે તે માણસને પ્રભુની સમીપ લઈ જવામાં સુખ કરતાં દુઃખ વધુ સહાયભૂત બની શકે છે. દુઃખ માણસને મૂઢ, રીઢો, ક્રુરને કઠોર બનાવી શકે છે. જયારે સુખમાં માણસ જો જાગૃત હોય તો સુખની આત્મસંહારક અસરથી મુકત રહી શકે છે."સુખી થવાનો કે સુખ મેળ વવાનો એક જ રાજમાર્ગ છે સંતોષ.

મંગલમ ભવતું.

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી**
**– સંપાદક : રવજીભાઇ કાચા.**




# હાવાભાઈ સંઘવી–એક કર્મયોગી

આદર્શવાદી ઉદ્યોગપતિ અને આજીવન ગાંધીવાદી રામજીભાઈ હંસરાજભાઈ કમાણીને અમરેલી સાથે ગાઢ સંપર્ક રહ્યો છે. રામભાઈનો જન્મ સને ૧૮૮૮ના ફેબ્રુઆરીની ૨૧મી તારીખે ધારીમાં થયો હતો. તેમની માતાનું નામ દૂધીબેન હતું. પિતા હંસરાજભાઈને ધારીમાં કરિયાણાનો વેપાર હતો. રામજીભાઈએ શિક્ષણ ધારી અને પછી અમરેલીમાં લીધું હતું. બાર વર્ષની વયે તેઓ અમેરલીની અંગ્રેજી શાળામાં અભ્યાસ કરતા હતા. બીજું ધોરણ ભણી ઊતર્યા તે અરસામાં અમરેલીના બે અગ્રણી યુવાનો હરિલાલ ગોવિંદજી પરીખ અને મોહનલાલ વીરજીભાઈ પટેલે એલએલ.બી.ની પરીક્ષા પસાર કરી અને તેમનું સન્માન કરવા એક સમારંભ યોજાયો. એ સમારંભમાં હાજરી આપતાં રામજીભાઈને વિશેષ ભણવાની પ્રેરણા જાગી હતી. ૧૯૧૧માં રામજીભાઈના લગ્ન સાવરકુંડલાનાં જડાવ લક્ષ્મીબેન સાથે થયા. લગ્ન પછી આ દંપતી અમરેલીમાં માસિક સવા રૂપિયાના ભાડાની એક ઓરડીમાં રહેતું હતું. કલકતામાં ચાલતા પોતાના ધંધામાંથી માત્ર ૩૧ વર્ષની વયે નિવૃત થઈ રામજીભાઈ અમરેલી આવીને સ્થિર થયા ત્યારે તેમણે સંસ્કારી ગૃહસ્થ જીવન જીવવાની ઈચ્છા સેવેલી. પરંતુ અરસામાં ન અમરેલીમાં ઈન્ફલુએન્ઝાની બીમારી ફેલાઈ હતી. લોકો ટપોટપ મૃત્યુ પામી રહ્યા હતા. સ્મશાનમાં મૃતદેહોનો ધસારો થવાની અંગ્નિસંસ્કાર કરવાની મુશ્કેલી ઊભી થઈ હતી. રામજીભાઈએ આ પરિસ્થિતિ નિહાળી. તેમને દુઃખ થયું. તેમનું હૈયું હચમચી ઊઠયું. એ સમયે નૃસિંહપ્રસાદ અને કૃષ્ણપ્રસાદ, અમરેલીની વૈદ્યરાજ બંધુબેલડીની ખ્યાતિ ચોમેર વિસ્તરી હતી. તેમને બોલાવી રામજીભાઈએ તેમની સાથે ચર્ચા કરી. તેમણે સૂચવ્યા મુજબ મોટા જથ્થામાં ઉકાળ ો તૈયાર કરાવ્યો અને તેમના રોગગ્રસ્ત ઘરોમાં તે પહોંચાડવાની વ્યવસ્થા કરી. આ પછી તો આ લોકસેવકે અમરેલી તેમજ આજુબાજુનાં ગામડાંના અસંખ્ય લોકોને અનેક રીતે સહાય કરેલીફ વિદ્યાદાન માટે

### ભાતીગળ સૌરાષ્ટ્ર

રામજીભાઈને મૂળથી જ ઉત્કટ પ્રેમ હતો. તેમણે અમરેલીમાં ફોરવર્ડ હાઈસ્કૂલને સારી એવી આર્થિક સહાય કરી તેમ જ અમરેલીમાં વિજ્ઞાન કોલેજ સ્થાપી પોતાની વિદ્યાદાનની ભાવનાને સવિશેષ પણે મૂર્ત કરી બતાવી. આ પછી રામજીભાઈએ સ્વદેશીની પ્રવૃતિ આરંભી. આવી પ્રવૃતિ અમરેલીમાં શરૂ કરવા ગાંધીજીને જાણ કરી. ઠકકર બાપા તથા સર્વન્ટસ ઓફ ઈન્ડિયા સોસાયટીના તે વખતના પ્રમુખ શાસ્ત્રીજી અમરેલી આવ્યા. ઠકકરબાપાના ખાદી ઉત્પાદન અમરેલીમાં શરૂ કરાવવા આઠ મહિના રહ્યા. અમરેલીમાં ઘેર ઘેર રેંટિયાનું સંગતી ગૂંજતું થઈ ગયું. ઉતરોતર એ પ્રવૃતિએ જોર પકડયું અમરેલી આ ખાદીપ્રવૃતિનું કેન્દ્ર બન્યું આ પ્રવૃતિ અમરેલીમાં પહેલીવહેલી શરૂ થઈ એટલે જમનાલાલ બજાજ અને ખાદીમાં રસ લેતા અન્ય અનેક પરપ્રાન્તીય જનો પણ અમરેલી આવી ગયા. નખશીખ ખાદી સેવક વિઠલદાસ જેરાજાણી પણ અમરેલી આવી ગયા હતા. મનુબેન ગાંધીના પિતા જયસુખલાલ ગાંધી પણ અમરેલી આવીને રહ્યા હતા. ગાંધીજીના પુત્ર રામદાસ ગાંધી પણ અમરેલી આવી ગયા હતા. ગાંધીજી જયારે અમરેલી પધાર્યા હતા ત્યારે રામજીભાઈને ત્યાં મુકામ કર્યો હતો. અમરેલીની ખાદીપ્રવૃતિ તેમણે બારીકાઈથી નિહાળી હતી. જે કામ થયું એ પ્રત્યે તેમણે સંતોષ વ્યકત કર્યો હતો. અમરેલીની અનેકવિધ સ્વદેશી પ્રવૃતિના કેન્દ્રમાં ખાદીની પ્રતિષ્ઠા રામજીભાઈએ કરી હતી. આ પછી અમરેલી સહકારી સ્વદેશી વસ્તુભંડાર ની સ્થાપના થઈ. આ ભંડારમાંથી સહુને પાટી–પેનથી માંડીને સર્વ વસ્તુ કિફાયત ભાવે મળતી હતી.

# હુતાત્મા મંગલ પાંડે

**જન્મ : ૧૯ જુલાઈ, ૧૮૨૭**
**વીરગતિ : ૦૮ એપ્રિલ, ૧૮૫૭**

મંગલ પાંડે એટલે ૧૮૫૭ના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ આહુતિ આપનાર પ્રથમ ક્રાંતિકારી. તેમનો જન્મ ૧૯ જુલાઈ, ૧૮૨૭ના રોજ ઉતર પ્રદેશના બલિયા જિલ્લાના નાગવા ગામમાં થયો હતો. 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિથી અંગ્રેજોએ અહીં સામ્રાજય સ્થાપ્યું. બંગાળ એ સમયે શાંત રહ્યું, પરંતુ ૧૮૫૭માં તો એક ક્રાંતિની ચિનગારી પ્રગટી અને તે અગ્નિરૂપ બની ગઈ. સ્વાતંત્ર્યની આ આગમાં પ્રથમ આહુતિ આપનાર ક્રાંતિવીર હતા મંગલ પાંડે. તેઓ સ્વતંત્ર વિચારસરણી ધરાવતા હતા. મેરઠમાં બરાકપુર રેજિમેન્ટના તેઓ એક અદના સૈનિક હતા. એ સમયે સૈનિકોને જે કારતૂસ વાપરવામાં આવી હતી તેના પર ગાય અને ડુકકરની ચરબીનું પડ લગાડેલું રહેતું હતું. એ ચરબીનું પડ મોઢેથી તોડવું પડતું, એટલે હિન્દુઓએ એના માટે સખત વિરોધ કરેલો. મંગલ પાંડે પોતે બ્રાહ્મણ હતા. જયાં સુધી તેમને આ ચરબીવાળી ઘટનાની ખબર નહોતી ત્યાં સુધી તો વાંધો નોહોતો. પણ જાણ થઈ કે તરત તેમના ભવાં સંકોચાયાં. બીજા લોકો વિરોધ કરતા હતા પણ સાવ ઢીલો.



મંગલ પાંડે તો પરશુરામના વંશજ. તેમણે અંગ્રેજોનાં મોઢાં પર ગાયની ચરબીવાળા એ કારતૂસ વાપરવાની ના પાડી. રેજિમેન્ટમાં હિન્દુ અને મુસ્લિમો સૌનિકરૂપે હતા. મંગલપાંડેએ સૌથી પહેલો વિરોધ કર્યો. એમના વિરોધને દાબી દેવા એમના ઉપરી અધિકારીઓ એ રેજિમેન્ટને નિઃશસ્ત્રી બનાવી દીધી.

૨૧ માર્ચ, ૧૮૫૭ના રોજ પરેડના મેદાન ઉપર નિઃશસ્ત્રીકરનો હુકમ છોડયો. બધાય સૈનિકોને હથિયારા હેઠાં મૂકી દેવાના હુકમથી મંગલ પાંડે વધારે ગુસ્સે ભરાયા. ભારતની ભૂમિ પર ભારતના લોકો કે સૈનિકો ઉપર હુકમ આપનારને કોણ ગણે ? એ પરેડ ગ્રાઉન્ડ ઉપર મંગલ પાંડેએ સખત વિરોધ કર્યો. સારજંટ મેજર હ્યુસનવર પોતાના હુકમને પાછો લેવા તૈયાર ન થયો એટલે મંગલ પાંડેએ પોતાની બંદૂકમાંથી ગોળી છોડી મેજરની હત્યા કરી. તેઓ બીજી ગોળી લેફટનન્ટ બોવર તલવારી ઉપર છોડવાની તૈયારીમાં જ હતા ત્યાં તેમને જનરલ હિર્સલાએ પકડી લીધા.એમની બંદૂક છીનવી લીધી. પરેડ ગ્રાઉન્ડ ઉપર સન્નાટો છવાઈ ગયો. એ પછી મંગલ પાંડે પર દસ દિવસ 'કોર્ટ માર્શલ'ની કાર્યવાહી ચાલી. પછી જે થતું આવ્યું હતું એ થયું. મંગલપાંડેને ફાંસીની સજા જાહેર થઈ. અને અંતે ૮ એપ્રિલ, ૧૮૫૭ના રોજ બરાકપુરની જેલમાં જ મંગલ પાંડે ફાંસીના માંચડે ચડીને ભારત માતાનાં ચરણોમાં સમર્પિત થયા. અંગ્રેજોને હતું કે મંગલ પાંડેના મોત પછી બધું શાંત થઈ જશે પણ ભારતના આ પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામની પ્રથમ આહુતિ બનનાર મંગલ પાંડેની વીરગતિ બાદ સ્વાતંત્રતાની ચિનગારી આખા દેશમાં પ્રગટી ઊટી.




# પરિધાન અને શૈલીની કેળવણી


### શિશુવંદના

– ગિજુભાઈ ભરાડ


આપણા દેશમાં હજુ ફેશન ડિઝાઈનીંગ લોકો સમજી શકયા નથી. જાપાનમાં ૧૯૬૦માં ઘરે ઘરમાં પહોંચી ગયેલુ અને ૧૯૭૦માં અમેરિકા થઈ અને છેક ૧૯૮૦માં ભારતમાં આવેલુ વોશિંગ મશીન જોઈને ગૃહિણીઓ પહેલુ વાકય એ બોલી હતી કે શું અમારા હાથ ભાંગી ગયા છે? એમ ફેઈશન ડિઈઝાઈનિંગમાં એગો ભ્રમ પ્રર્વતે છે કે એ એક પ્રકારનુ દરજી કામ છે. અથવા તો ફેશનએબલ વસ્ત્રો માટેનુ જ કામ છે. હકીકતમાં ફેશનડિઝાઈનિંગએ તમાર વ્યકિતત્વને અનુરૂપ વસ્ત્રોનું સુઘડ અને શૈલીયુકત નિર્માણ કરવાનુ કૌશલ્ય છે. ફેશન ડિઝાઈન એ કોઈ દરજી નથી. વસ્ત્ર પરિધાન કલાને નિષ્ણાંત છે. બાળકોને નાનપણથી એના વ્યકિતત્વને અનુરૂપ વસ્ત્ર પરિધાનની ટેવ પાડવી જોઈએ. એની એના શરીર પર અને વ્યકિતત્વ પર ભારે નુકસાનકારક અસરો થાય છે. આપણે અનેક બાળકોને એની ચડી કે પેન્ટ ઉંચુ કર્યા કરતા જોયા છે. અનફિટ વસ્ત્રો બાળકો માટે એક મોટી આપતિ છે. બાળકોને વિકાસ એટલો ઝડપી હોય છે કે વસ્ત્રોના ટુંકા થતા જવાનો ક્રમ પણ સમાંતર રીતે ચાલે છે. આથી એને પહેરવા ગમે અને ફાવે એવા જ વસ્ત્રો એને પહેરવવા જોઈએ. મોટાભાગના દંપતીઓ આ નાની પણ મહત્વની બાબત પ્રત્યે દુર્લક્ષ સેવે છે જે યોગ્ય નથી.

# ફકત ભણવાથી નંબર ન આવે

એક જંગલ હતુ. જંગલમાં ઘણા બધા પ્રાણીઓ રહેતા હતા. આ બધા પ્રાણીઓ બચ્ચા નંદનવન સ્કૂલમાં ભણવા જતા. દર વખતે પરીક્ષામાં પહેલો નંબર હંસરાજ હાથીનો હનીનો આવે.કયારેય પણ સૂરજ સિંહના શનીનો નંબર ન આવે. આ વાત સૂરજ સિંહને બહુ ખટકતી હતી. સૂરજ મનમાં વિચારતો કે, હું મારા શનીને સ્કૂલેથી છૂટીને પછી કયાંક રમવા પણ જવા દેતા નથી. આખો દિવસ લેશન કરાવ્યા કરુ છુ. રાત્રે મોડે સુધી વંચાવ્યા કરૃ છુ. છતા તેનો નંબર પરીક્ષામાં કેમ નથી આવતો.? ઘણા વિચારવા છતા કંઈ પરિણામલક્ષી નિર્ણય ન આવતા મંત્રી શામજી શિયાળને વાત કરી. શામજી સલાહ આપતા કહયુ હતુ કે મીઠુ પોપટ મનોવૈજ્ઞાનિક ભણીને હમણા જ આવ્યો છે. આપણે તેમની સલાહ લેવી જોઈએ. તે આપણા પ્રશ્નોનુ નિરાકરણ લાવશે. સૂરજને આ વાત યોગ્ય લાગી. મીઠુને પોતાની વ્યથા રજુ કરતા સૂરજ કહે છે કે, "મારા શનીને ખૂબ મહેનત કરવા છતા પરીક્ષામાં પહેલો નંબર નથી આવતો. હું રાત્રે મોડે સુધી ભણવા છું. કયાર પણ રમવા પણ જવા નથી દેતી. જયારે હંસરાજ હાથીનો પહેલો નંબર આવે છે. રોજ સાંજ્રે તેને રમતા જોવ છૂં. કયારે કબડી રમતો હોય તો કયારે વોલીબોલ રમતો હોય છે."મીઠુ આખી વાતનો સાર પામી ગયો. સૂરજને કહે કે, "તમે શનીને તમને આખો દવિસ ભણાવ ભણાવ જ કરો છો. તેને પોતાની મનગમતી પ્રવૃતિ માટે તમે થોડો સમય આપતા નથી. તેથી તે રેશ લઈ શકતો નથી. ફ્રેશ ન થવાથી કંટાળો આવતા આખો દિવસ વાંચ વાંચ કરતા ભણેલુ બધુ ભૂલી જાય છે. જો તમે સારુ પસ્ણિામ ઈચ્છતા હોય તો તેને પણ થોડો સમય મનગમતી સારુ પસ્ણિામ ઈચ્છતા




હોય તો તેને પણ પાછુ અભ્યાસ મન લાગે છે. અને પરિણામ સારુ આવશે. મીઠુ વાત સૂરજને ગળ ે ઉતરીં ગઈ. મનોમન તેને નિર્ણય કર્યો કે હવેથી હુશનીને તેની મનગમતી પ્રવૃતિ માટે થોડો સમય આપીશ જેથી તે ફ્રેશ થઈ શકે અને પાછો અભ્યાસમાં જોડાઈ શકે." ૧) બહારનો સંસાર ભજનમાં વિક્ષેપ કરતો નથી. અંદરનો સંસાર ભકિતમાં વિધ્ન કરે છે.૨) સંસારમાં કપટ ન કરો.તમે અતિશય સરળ ન બનો. ૩) જે મિત્ર નથી. તે શત્રુ બનતો નથી પણ જે મિત્ર છે તે જ એક દિવસ શત્રુ બને છે. આ વિષય છે. ૪) ઘરમાં રહીને ખૂબ વૈરાગ્યને કેળવો. તે પછી ઘર છોડો. ૫) મૃત્યુની રોજ તૈયારી રાખો. જીંદગી એવી રીતે જીવો કે તમે સાવધ હો અને મૃત્યુ આવે.૬)બીજા જન્મ તૈયારી મનુષ્ય આ જીવનમાં કરે છે.૭) પશુપક્ષીનો અનાદર ન કરો.૮) બાલ્યાવસ્થામાંથી જો ભકિતનો રંગ લાગે તો માનવુ કે આ તેનો છેલ્લો જન્મ છે. પ્રત્યેક વસ્તુ જોતા જેને ભગવદભાન જાગે તો માનવુ કે તેનો છેલ્લો જન્મ છે.૯) જ્ઞાન એ બીજાને ઉપદેશ આપવા માટે નથી. તે ઈશ્વરનું આરાઘન કરવા માટે છે.
૧૦) જ્ઞાન એ બીજાને ઉદેશ આપવા માટે નથી. જ્ઞાન ભગવાન માટે છે.



બાલમિત્રો,

આ બાલએમ્સપ્રેસ તમને મળશે ત્યારબાદ વેકેશન પૂર્ણ થવામાં થોડા દિવસો બાકી હશે. જોકે તમે તથા તમારા વાલીઓ પણ વેકેશન ખૂલવાની રાહ જોતા હશે. તમારા પાઠય પુસ્તકો, ચોપડો અન્ય શૈક્ષણિક સાધાનો તૈયાર કરી લીધા હશે. પાઠયપુસ્તકો તથા જોઈને પૂઠા ચડાવી લીધા? પાઠયપુસ્તકો વાંચ્યા? દફતર તૈયાર કરી લીધુ? હવેથી તમારે નવા ઉચ્ચ ધોરણમાં અભ્યાસ કરવાનો છે. નવા વિષયો, શિક્ષો, મિત્રો તથા નવા હશે. બધા સાથે હળી મળીને રહેવાનુ છે ને અભ્યાસ કરવાનો છે. હવે પછીનો સમય તમારે માટે પરીક્ષાનો સમય હશે. ધો.૫ માટે તો હવેથી નવા દ્વાર ખૂલવાનો છે. આઠમાં સારા ગુણ લાવશો તો ધો.૯–૧૦–૧૧–૧૨માં સારો દેખાવ કરી શકશો ને અભ્યાસની નવી દિશા તરફ કદમ માંડી શકશો. પછી તમે ધો.૧૦(એસએસસી)પછી આર્ટસ, કોમર્સ કે સાયન્સ રાખશો તેની પર આધારિત હશે. જે તમો અત્યારથી પસંદગી કરવાની રહેશે. તમારો અને તમારા માતા–પિતાનો સ્વપ્ના સાકાર કરવાનો છે ને? સ્વપ્ન ત્યારે જ સફળ થાય ત્યારેખૂબજ મહેનત કરવામાં આવે.

# ગીત : ઉનાળો મહીપતરામ જોષી

ધોમ ધખંતો આ ઉનાળો
તાપ તપંતો આ ઉનાળો
વકર્યુ જાણે વરૂ ઉનાળો
આગ ઉકળતો ચરૂ ઉનાળો
ધામે મરૂ મરૂ ઉનાળો
બપોરવેળા રૂએ ઉનાળો
સાંજ ફરવા જુએ ઉનાળો
રાત અગાસી સૂએ ઉનાળો
નાય ખુબ પગ ધૂએ ઉનાળો
શીખંડ પૂરી જમે ઉનાળો
ફરફર પંખા ગમે ઉનાળો
ગોલાગુલ્ફી જમે ઉનાળો
ઠંકડ પાછળ ભમે ઉનાળો
બળે ઝાંઝવા નીર ઉનાળો
ખોટામૃગજળતીર ઉનાળો
અંગે ગમેન ચીર ઉનાળો
એદી આળસુ પીર ઉનાળો
ધરતી માના તપ ઉનાળો
સતી જતી ના જપ ઉનાળો
ખેતી માટે ખપ ઉનાળો
નથી નકામી લપ ઉનાળો
ઉપયોગી છે ભાઈ ઉનાળો
વર્ષાની છે વધાઈ ઉનાળો

# હસવાની મનાઈ છે

(૧) મિન્ટુ : મને છાનામાના ટિફિન ખાવાનીખૂબ જ મજા પડે છે.

રિન્ટુ : મને પણ તેમાં બહુ મજા આવે છે, પણ આજે

કોઈ મારા ટિફિનમાંથી છાનામાના બધા જ લાડવા ખાઈ ગયું.

મિન્ટુ : એમ, તો એ ટિફિન તારું હતું ?

જાન્વી કે. પરસાણા, જામનગર

(૨) મગનને પૂછવામાં આવ્યું કે તેણે લલ્લુને શા માટે લાફો માર્યો ?

"સાહેબ ! એણે મને ગેંડો કહ્યો હતો."

"સારૂ કયારે કહ્યો હતો ?" "એકાદ વર્ષ પહેલા" તો આટલો સમય તમે કેમ થોભ્યો વાત એમ છે,સાહેબ કે આજે સવારે જ મેં ગોંડો જોયો એ પહેલા જોયોજ નહિં.ધ્યાન પી. પટેલ, મુંબઈ

(૩) રમેશ : તું તારા ગણી શકે ખરો ?

મુન્ન : હા, કેમ નહીં ?

રમેશ : કેમ રાત્રે નહીં ?

મુન્નો : રાત્રેતો અંધારું હોય ને ઉદેશ આર. જોષી, અમદાવાદ

(૪) એક ડોકટર : તમારા દર્દીને તો સારૂ થઈ ગયું છે, તો પછી હવે શાની ચિંતા કરો છો

બીજા ડોકટર : હા, પણ એ વિચારૂં છુ કે મારી કઈ દવાથી તેને સારૂં થયું હશે.

પારસ પી. પરમાર,ભુજ

## ૮ જૂન, "વિશ્વ મહાસાગર દિવસ"

# દરિયા સાથે દોસ્તી મારી નદીઓ સાથે નાતો, છલાંગ મારતા ઝરણા સાથે હું ગીતો ગાતો

અમરેલી, તા. ૭


દર વર્ષે ૮ જુને સંયુકત રાષ્ટ્રસંઘ દ્વારા અધિકૃત રીતે "વિશ્વ મહાસાગર દિવસ" તરીકે માનવાનું જાહેર કરવામાં આવ્યુ હતુ. જેની શરૂઆત ૨૦૦૭થી થઈ છે. આ સંકલ્પની રજૂઆત ૮થી જૂન ૧૯૯૨નાંરોજ 'રિઓ દ જાનેરો" બ્રાઝીલમાં મળેલ પૃથ્વી સંમેલન (Earth Summit)માં, કેનેડા દ્વારા કરવામાં આવી હતી અને ત્યારબાદ દર વર્ષે આ દિવસ અધિકૃત રીતે, "વિશ્વ મહાસાગર દિવસ" રૂપે માનવામાં આવતો હતો. આ દિવસએ વિશ્વનાં મહાસાગરોનુ સન્માન કરવાની તક રૂપે ઉજવવામાં આવે છે. મહાસાગરો દ્વારાપ્રાપ્ત વસ્તુઓ જેમકે સમુદ્રી ભોજન, સમુદ્રી યાતયાત સુવિધાઓ અને અન્ય કેટલીયે કિંમતી સમુદ્રી જણસોની ઉજવણીરૂપે આ દિવસ મનાવાય છે. વૈશ્વિક પ્રદુષણ અને માછલીઓના વધુ પ્રમાણમાં સંહારને કારણે કેટલીય સમુદ્રી પ્રજાતિઓ વિનાશાને આરે પહોંચી ગયેલ છે. જેનાથી સમુદ્ર બચાવવા માટે પ્રયત્નો કરવા જરૂરી છે. પૃથ્વીનાં બે તૃતિયાંશ ભાગમાં પાણી હોવા છતા અહી શૃધ્ધ પાણીનું પ્રમાણ ખુબ જ ઓછુ છે. વાયુ અને જળ પૃથ્વી પર જીવનનો આધાર છે. સમુદ્રથી ઘેરાયેલા હોવાને કારણે પૃથ્વીને 'વોટર પ્લેનેટ" પણ કહેવામાં આવે છે. પરંતુ હવે તેનુ અસતિત્વ




જોખમમાં છે. મહાસાગર ખાદ્ય સુરક્ષા, જૈવ વિવિધતા,પરિસ્થિતી સંતુલન જેવી ચીજવસ્તુઓમાં પોતની ભૂમિકા નીભાવે છે. દેશોના વિકાસ સાથે જ મહાસાગરોનુ પ્રદુષણ પણ ઝડપી વધી રહ્યુ છે. મહાસાગરોમાં વધતા પ્લાસ્ટિક પ્રદુષણના કારણે મહાસાગર ધીમે–ધીમે ગંદા થઈ રહ્યા છે. તેનાથી દરિયાઈ જીવોનુ સ્વાસ્થય પણ ખરાબ અસર પડે છે. તેઓ ભૂલથી પ્લાસ્ટિકને પોતાનુ ભોજન સમજી લઈ છે જે તેમના માટે જીવલેણ નીવડે છે. દુનિયાની લગભગ ૩૦ ટકા વસ્તી દરિયા કિનારાના વિસ્તારોમાં રહે છે. અને તેમનુ જનજીવનૃ સમગ્રપણે સમુદ્ર પર નિર્ભર છે. આ ઉપરાંત વિશ્વના કેટલાક દેશની અર્થવ્યવસ્થાને પણ વેગ પ્રદાન કરવામાં મહાસાગરનુ મોટા યોગદાન છે. વિશાળ મહાસાગરનથી પેટ્રોલિયમની સાથે જે અનેક સંસાધાનો પણ પ્રાપ્ત થાય છે. વાતાવરણમાં થતાફેરફાર અને જળવાયુ પરિવર્તનની માહિતી આપવામાં મહાસાગરનુમહત્વનુ યોગદાન હોય છે. એટલા માટે તેનુ સંરક્ષણ કરવુ તે આપણા દરેકની જવાબદારી છે. દરિયા સાથે દોસ્તી મારી નદીઓ સાથે નાતો,
છલાંગ મારતા ઝરણા સાથે હું ગીતો ગાતો.–સુરેશ દલાલ **મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# બાળવાર્તા : વૈજ્ઞાનિક જેમ્સ પ્રિસ્કોટ જુલ

જેમ્સ પ્રિસ્કોટ જૂલ : એ એક પ્રસિધ્ધ વૈજ્ઞાનિક હતા. એમનો જન્મ ઈ.સ. ૧૮૧૮ના ડિસેમ્બર મહિનાની ૨૪ તારીખના રોજ ઈંગ્લેનડના લેન્કેશાયર ખાતે થયો હતો. શ્રીમંત પરિવારમાં જન્મેલા જૂલનું પ્રાથમિક શિક્ષણ સેલ્ફોર્ડ ખાતે પૂર થયું હતું ત્યાર બાદ તેમને માન્ચેસ્ટર ખાતે જાણીતા વૈજ્ઞાનિક ડાલ્ટન પાસે ઉચ્ચ અભ્યાસ કરવા મોકલવામાં આવ્યા હતા. જૂલને બાળપણથી જ વીજળીના પ્રયોગો કરવામાં રસ હતો. મોટો થઈ તેમણે પોતાનો વ્યવસાય સંભાળ્યો પણ સાથે વિજ્ઞાનનો શોખ હોવાથી સંશોધનો પણ ચાલુ રાખ્યાં હતાં.



ઈ.સ. ૧૮૪૦માં જૂલે પોતાના કારખાનામાં એક પાઉન્ડ જસતના સેલમાંથી મળી શકે તેમ શોધ કરી હતી. આ માટે તેણે કાર્યમાં વપરાતી શકિતને તેણે 'ઈકોનોમીક ડયુટી' નામ આપ્યું હતું. આ માપને હવે જૂલ કહેવાય છે. જૂલ ભૌતિકશાસ્ત્રના ઉષ્માગતિ શાસ્ત્ર વિષયના પ્રણેત ગણાય છે. ઈ.સ. ૧૮૮૯ના ઓકટોબરની ૧૧ તારીખે તેનું અવસાન થયું હતું. – મોકલનાર :નરેશ આશર 'નિર્મલ'

# વાર્તા : ખાઉધરૂં કોણ ?

બાદશાહ બેગમને મળવા આવ્યા હતા. બેગમ બાદશાહને મહેલની અગાસી ઉપર લઈ ગઈ હતી.

બાદશાહ આગળ કેરીઓ મૂકી હતી. બાજુમાં બેગમ બેઠી હતી.

બાદશાહ કેરી ખાઈને ગોટલા તથા છોડાં બેગમની બાજુએ નાખતો હતો.

એ વખતે બાદશાહને કંઈ કામ પડયું ને બીરબલને ત્યાં બોલાવવામાં આવ્યો.

બીરબલ આવ્યોને બાદશાહને સલામ કરી તેમની સામે ઊભો રહ્યો.

બીરબલને જોતાં જ બાદશાહને બેગમની ઠઠા કરવાનું દિલ થઈ આવ્યું. એ બોલ્યો, 'જોયું, બીરબલ ? આ બેગમ કેટલી ખાઉધરી છે ? કેટલી કેરી ખાઈ ગઈ છે ? જરા જો તો ખરો કે કેટલાં ગોટા ને છેડાં એણે ભેગા કાર્ય છે ?

બીરબલ આગળ પોતાના વિશે આવું બોલાયું તેથી બેગમનું મોં પડી ગયું. એ દુઃખી દુઃખી થઈ ગઈ.

બીરબલ આવું થાય તો બેગમની વહારે ધાતો.

બાદશાહે બેગમને આ સંભાળાવ્યું તે ખુદ બીરબલને પણ ન રુચ્યું. બેગમ તરફથી સચોટ જવાબ આપવાનો વિચાર કરી બીરબલ તરત જ બાદશાહને કહ્યું, 'નામદાર ! જેવી સોબત તેવી અસર !'

અકબરે તરત કહ્યું એટલે શું મારી સોબતથી બેગમ ખાઉધરી થઈ છે ?


બીરબલે કહ્યું, 'ખુદાવંદ ! પતિ હંમેશા પત્નિના પગલે ચાલે છે.'અકબરે કહ્યું, 'પણ હું કયાં ખાઉધરો છું ? ગોટલાને છોડા તો એની બાજુમાં છે. મારી બાજુમાં કંઈ પણ ?

બીરબલે કહ્યું, 'નામદાર, હું પણ એ જ કહું છું બેગમસાહેબાએ તો એકલી જ ખાધી છે, પણ આપ નામદારે તો ગોટલાને પણ છોડયા નથી.


આ સચોટ જવાબ સાંભળી અકબર મૂંગો રહ્યો, પણ બેગમ એના જવાબથી બહુ ખુશ થઈને બોલી, 'આ ગોટા ને છોડાં પણ મારી બાજુમાં એટલે વધ્યા છે. હું અહીથી ઉભીથઈને ગઈ હોત તો એપણ ન રહેત !' – **રતિલાલ સાં.નાયક**



# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો




# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧– બહારનો સંસાર ભજનમાં વિક્ષેપ કરતો નથી. અંદરનો સંસાર ભકિતમાં વિધ્ન કરે છે.
૨– સંસારમાં કપટ ન કરો.તમે અતિશય સરળ ન બનો.
૩ – જે મિત્ર નથી, તે શત્રુ બનતો નથી પણ જે મિત્ર છે તે જ એક દિવસ શત્રુ બને છે. આ નિયમ છે.
૪ – ઘરમાં રહીને ખૂબ વૈરાગ્યને કેળવો. તે પછી ઘર છોડો.
૫– મૃત્યુની રોજ તૈયારી રાખો. જીંદગી એવી રીતે જીવો કે તમે સાવધ હો અને મૃત્યુ આવે.
૬ – બીજા જન્મ તૈયારી મનુષ્ય આ જીવનમાં કરે છે.
૭ – પશુપક્ષીનો અનાદર ન કરો.
૮ – બાલ્યાવસ્થામાંથી જો ભકિતનો રંગ લાગે તો માનવુ કે આ તેનો છેલ્લો જન્મ છે. પ્રત્યેક વસ્તુ જોતા જેને ભગવદભાન જાગે તો માનવુ કે તેનો છેલ્લો જન્મ છે.
૯ – જ્ઞાન એ બીજાને ઉદેશ આપવા માટે નથી. તે ઈશ્વરનું આરાધન કરવા માટે છે.
૧૦– જ્ઞાન એ બીજાને ઉદેશ આપવા માટે નથી. જ્ઞાન ભગવાન માટે છે.

# જ્ઞાનમંજરી

## ભારતનાં મહત્વનાં સ્થળો

(૧) ' મુઘલો માટે 'દક્ષિણનુ પ્રવેશદ્વવાર' કયુ ગણાતુ હતુ ? – વિજયનગર
૨)'રામરચિતમાનસ' ની રચના કોણ કરી હતી? –તુલસીદાસ
૩) ગુરુ ગોવિંદસિંહ સ્થાપેલ' ખાલસા સંપ્રદાય' સાથે સંકળાયેલુ શીખ ધર્મ પવિત્ર સ્થળ કયુ છે?–આનંદપુર સાહિબ
૪) ભારતમાં વેપાર કરવાની પરવાનગી મેળવનાર પ્રથમ અંગ્રેજ પ્રતિનિધિ કોણ હતી. ?– કેપ્ટન હોપકિન્સ
૫) ભારતમાં જહાંગીરના દરબારમાં વેપાર કરવાની પરવાનગી મેળવનાર પ્રથમ અંગ્રેજ પ્રતિનિધિ કોણ હતો? –સર ટોમસ રો
૬) ભારતમાં વેપાર કરવા આવેલી યુરોપીય પ્રજાઓમાં પ્રથમ કોણ હતુ? –પોર્ટુગલ
૭) ભારતમાં વેપાર કરવા આવેલી યુરોપીય પ્રજાઓમાં છેલ્લો કોણ હતો– ફ્રેન્ચો
૮) ભારતમાં ફ્રેન્ચોની સર્વોપરિતાનો અંત કયા યુધ્ધથી આવ્યો?–કર્ણાટકનો ત્રીજો વિગ્રહ
૯) કલકતા શહેરનો પાયો કોણે નાખ્યો છે? –જુહોન કાર્નોક
૧૦) ભારતમાં અંગ્રેજોએ સર્વપ્રથમ કઈ સાલમાં સુરતમાં વેપારી મથક સ્થાપ્યુ?–૧૬૧૩

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## આંબો–લળે, ઢળે ને લૂમો ઝૂમે !

નિરક્ષાકની ભાવના જોઈએ તો, વૃક્ષો કુદરતના તમામ નિયમો કાળજીપૂર્વક પાળે છે. જે વૃક્ષો સ–ફળ હોય છે, તે કાયમ ઝૂલતા હોય છે. સ–ફળતાનો કુદરતી સિધ્ધાંત છે. જે વૃક્ષો અ–ફળ(નિષ્ફળ) હોય છે. તે ટટ્ટાર હોય છે. ઉનાળામાં કેરીથી ઝુકી ગયેલા આમ્રવૃક્ષોના વિજય–ગાન કોકીલ હંમેશા હોય છે.

કેટલાક સ–ફળ માનવી આ સિધ્ધાંત જાળવે છે ખરા, પણ મોટાભાગના સ–ફળતા 'જીરવી' શકતા નથી!

વૃક્ષો પાસેથી ઘણુ શીખવા જેવુ છે.

# ડાહી – ડાહી મયૂરી




**ડાહ્યું સસલું**

વનમાં સિંહ બધા પ્રાણીઓને ખૂબ જ હેરાન–પરેશાન કરતો હતો. બિચારા પ્રાણીઓ તો આકુળ–વ્યાકુળ થઈ ગયા હતા અને ત્રાસી ગયા હતા. સવાર પડે ને એક પ્રાણીને સિંહના ભોજન માટે પહોંચી જવાનુ ! આ તો કેમ ચાલે ! બધા પ્રાણીઓ મૂંઝાણા. હવે, શુ કરવુ? દિવસો પસાર થતા હતા. વનમાં પ્રાણીઓની સંખ્યા ઘટવા લાગી હતી. બધા પ્રાણીઓનો વારો આવ્યો પછી સસલુ વિચારતુ હતુ કે, મારો આવવો દો. હું સિંહરાજાને જોઈ લઈશળ! અને સસલાનો વારો આવી ગયો. સસાલએ યુકતી વાપરી અને હિંમતથી સિંહને કહ્યું : –અમને શૃ કામ મારીને ખાઓ છો? વનમાં તમારો જેવો સિંહ છે. તેને મારીને ખાઓને?'' સિંહે તો અભિમાનથી ગર્જરના કરી અને દોડયો. કૂવામાં સિંહનું પ્રતિબિંબ જોઈ સિંહ તેમા ખાબકયો અને ડૂબી ગયો. પ્રાણીઓએ ડાહ્યા સિંહને શાબાશી આપી અને શાંતિનો અનુભવ થયો.

**મને ગમે છે મોર**

જાનકી પોતાના બાળ મિત્રો આગળ પોતાના પ્રિયપંખી મોર વિશે વાત શરૂ કરી..
'મારો છે મોર, મારો છે મોરઃ
મોતી ચરંતો મારો છે મોર.'
પક્ષીઓમાં મને તો મોર ગમે જ. પણ સૌનેય ગમે. તેમની ઠમક કરતી ચાલ...! મોરનો સુંદર મજાનો રંગો... તેની નાજુક ડોક..! અરે, તેની કલગીનુ તો શુ કહેવુ ? કૂણા કૂણા પગ! અને તેના પીંછા તો.... અદભુત ! આપણા રાષ્ટ્રીય પક્ષી મોરનો શિકાર કરવા પર પ્રતિબંધ મૂકીને આપણી સરકારી સારૃ પગલુ ભર્યૃ છે. ભગવાન શ્રી કૃષ્ણ તેની કલગીમાં મોરનૃં પીંછુ રાખે તો હું મારા પુસ્તકમાં મોરનું પીંછુ રાખુ છુ. મને ઝવેરચંદ મેઘાણીનુ મોરનૃં ગીત બહુ યાદ આવે છે. ' મન મોર બની થનગાટ કરે. મન મોર બની થનગાટ કરે...!' કવિએ મોરની સાથે સરખાવીને થનગનાગ કરતુ બતાવ્યું છે. સરસ્વતી માતાના વાહન તરીકે મોર કેવો શોભે છે.! અરે! મેં પણ એક સરસ પંકિત લખી છે હો ?

**આવ મારા મોરલા, સુના છે ટોડલાઃ તારી સાથે રમવા આવ્યા છે છોકલા.ઃ** આવા સુંદર મોરની હત્યા સામાચારમાં જયારે હું છાપામાં વાંચુ છું.ત્યારે મને બહુ દુઃખ થાય છે. જો હું વનમંત્રી હોઉતે જંગલમાં, વન–ઉપવનમાં. બાગ–બગીચામાં મોર માટેના ઘર. જળાશય. દાણાની વ્યવસ્થા કરાવૃં. જો કોઈ મોરનો શિકાર કરે તો હું તેને સજા કરુ. ભગવાન મોરને વધુ સુંદર બનાવે, વધુ જિવાડે.

# સ્વાગત છે... – નાથાલાલ જોશી




: સંપાદક :
દેવેન્દ્ર એલ. ત્રિવેદી
(પુનિતપદરજ)

દુઃખ ! અભાવ ! તમારું છે,
નિરપેક્ષ આનંદ તરફ દોરશો,
આતંરસભરતા પ્રાપ્ત કરાવશો.
નિદા ! અપમાન ! તમો મારા સ્નેહી છો,
અનિંધને ચરણે પહોંચાડશો,
અડોલ અવસ્થાનો પ્રસાદ અપાવશો.
રોગ ! મૃત્યુ ! તમોપણ બંધુ છો,
દેહની નશ્વરતા લક્ષમાં લાવશો,
અમૃતનિર્ઝરની ખોજ કરાવશો.

**ચિહનોનું તાત્પર્ય**

શિવજીના હાથમાં શસ્ત્ર તરીકે ત્રિશૂળ છે. પ્રત્યેક દેવ–દેવી ત્રણ શૂળોને કાઢે છે. એટલે એમની પાસે ત્રિશૂળ હથિયાર છે. આ ત્રણ શૂળ છે : (૧) આધિ (૨) વ્યાધિ (૩) ઉપાધિ–ત્રિતાપ.આ ત્રણે દુઃખોથી મુકિત અપાવે તે શંકર.

ભગવાન શિવનું પ્રિય વાજિંત્ર ડમરું છે. શ્રીકૃષ્ણનું વાંસળી છે. વાંસળી પ્રેમવાજિંત્ર છે, જયારે ડમરું જ્ઞાનવાજિંત્ર છે. તે સદાયે એક જ તાલમાં લાગે છે. બન્ને તરફ સંસાર–મોક્ષ સરખો રણકો કરે છે. એક તાલમાં વાગતું હોવાથી તથા બન્ને તરફ સમાન ટકોરા દેતું હોવાથી તેમાં આરોહ–અવરોહ, ઉતાવ–ચઢાવ નથી : એક ભાવ, સમભાવ. જ્ઞાનની એ જ શોભા ગણાય છે. વાણી નીકળે તે સમભાવી, એકપક્ષીય નહિ, પણ સૌને ન્યાય, સંતોષ આપનારી નીકળે. એટલે ભગવાન શંકર ડમરુંને પસંદ કરે છે.

શિખર પણ મંદિર, મહાદેવ, દેરાસર, મસ્જિદ કે ચર્ચ–કોઈ પણ ધર્મસ્થાન, દેવસ્થાનને બહારથી જોજો. દરેકેદરેક ધર્મસ્થાનમાં એક વાત બહુ જ મળતી આવશે તે એ કે સૌને અણીદાર શિખર–મિનારા ઉપર આકાશ તરફ ઊંચે જતા હોય છે. તે એટલા માટે કે અહીં દેવસ્થાનમાં આવનાર પ્રત્યેક વ્યકિતને તેનું ઉચ્ચ શિખર પ્રથમ પ્રેરણા આપે છે કે ભાઈ, ઊર્ધ્વગતિ કરવાની છે. અધોગતિ કરવાની નથી. અહીં આવ્યા છો તો જીવનને ઉપર, ઊંચે ઉઠાવવા આવ્યા છો, નીચે પાળતમાં લઈ જવા માટેનું આ સ્થાન નથી. જીવન ઉર્ધ્વગામી બંને તે માટેની પ્રેરણા આપવા અણીદાર શિખરો બન્યાં છે.

**ભગવાન શિવનું વાહન નંદી છે. આ નંદી ધર્મનું પ્રતીક છે.** બળદ પુરુષાર્થનું પ્રતીક છે, શોર્યનું પ્રતીક સિંહ છે. બધાં પ્રાણીઓ ભલ. ગમે તેટલાં બળવાન હોય, પણ બળદ જેટલો પુરૂષાર્થ કરે છે એટલો કોઈ નથી કરી શકતું. બીજી વાત પણ સમજવા જેવી છે. પુરુષાર્થ બે પ્રકારના હોય છે : (૧) સ્વાર્થ માટે (૨) પરમાર્થ માટે. બળદનો પુરૂષાતર્થ સ્વાર્થ માટે નથી, પોતાના પેટ સિવાય તે કશી અપેક્ષા નથી રાખતો. હજારો મણ અનાજ પકવી જેતે લોકોનાં પેટ ભરે છે. એટલે બળદનું જીવન પરમાર્થમય છે. પરમાર્થમય છે. પરમાર્થમય પુરૂષાર્થ એ જ ધર્મ છે એટલે બળદનું વાહન નકકી થયું છે.

શિવાલયમાં દર્શન કરવા જનારાઓને ઘણીવાર નંદીનાં બંને શિંગડાં ઉપર જમણા હાથની તથા છેલ્લી આંગળી મૂકી બાકીની વચ્ચેની ત્રણ આંગણીઓ વાળીને વચ્ચેની જગ્યામાંથી મહાદેવનાં દર્શન કરતાં જોયાં હશે. તેનો ભાવ એવો છે કે મહાદેવનાં દર્શન નંદી દ્વારા જ થઈ શકે. નંદી વિના નહીં. નંદી એટલે ધર્મ દ્વારા જ દર્શન થાય, અધર્મથી ના થાય.

# અન્તરપટ

પ્રજ્ઞાતપૂર્ણ આ વાત જાણી ત્યારે શિષ્યના આનંદનો પાર ન રહયો, અને, આનંદના સંવેદનમાં એના અંતરનાં દ્વાર ઉઘડી ગયા. વાત આ હતી.


એના ગુરુ પાસે લોખંડની એક ડબ્બી હતી. આ ડબ્બી તે જતનથી જાળવતા. શિષ્યના હૈયામાં આર્શ્ચ હતુ. ગુરુજી નિર્મોહી અને જ્ઞાની છે : છતા આ ડબ્બીમાં તે એવુ શુ છે કે એને એ જતનથી જાળવી રાખે છે. પણ એ આજ્ઞાંકિત હતો. ગુરુની આજ્ઞા વિના એ ડબ્બીને સ્પર્શવામાં એ પાપ માનતો. દિવસે દિવસે એનું કૌતુક વધતુ ગયુ. ઋતંભરા પ્રજ્ઞાના સ્વામી શિષ્યનાં આ સૂક્ષ્મ ભાવોને અવલોકી રહયા હતા. શિષ્યની નિષ્ઠા અને શ્રધ્ધાભરી પ્રતિભકિતથી પ્રસન્ન થઈ એમણે કહયુઃ' વત્સ, પેલી પારસમણીવાણી ડબ્બી લાવ તો.'

શિષ્યના કૌતુક સાથે આશ્ચર્ય વધ્યુ. ' લોખંડમાં પારસમણી? અરે, આ તે કેમ બને? પારસમણીના સ્પર્શથી તો લોખંડ સોનુ થાય!' તર્કમાં અને વિચારમાં એણે ડબ્બી લીધી અને ગુરુના ચરણે ધરી.ગુરુએ ડબ્બી ખોલી, વસ્ત્રમાં લપેટાયેલ પારસમણિ જાણે હસીને પ્રકાશના કિરણો વેરી રહયો હતો. ગુરુએ વસ્ત્ર દૂર ફેકી પારસમણી ડબ્બીમાં મુકયો અને લોખંડની ડબ્બી સુવર્ણમાં ફેરવાઈ ગઈ. આત્માની આસપાસ રહેલ વાસના ખસે તો તે જ પરમાત્મા છે.


# નાનું જીવડું 'ધનેડુ'

ઘંઉના ધનેડાએ એ એક દિવસ સામાન્ય કીટક (જંતુ) છે, કે જે વિશ્વના લગભગ બધાજ ભાગોમાં જોવા મળે છે. આ કીટકનું વૈજ્ઞાનિક નામ સિટોફીલસ ગ્રેનેરીયસ છે. સામાન્ય રીતે આ કીટક સંગ્રહ કરવામાં આવેલા ઘઉંના દાણાઓ પર જોવા મળે છે. અનેઆ કીટક ખુબ જ ઝડપથી ઘઉંના સંગ્રહને મોટા પ્રમાણમાં નુકશાન કરી શકે છે. આ જંતુની માદા મોટા પ્રમાણમાં ઈંડા મુકતી હોય છે તથા એના લારવા અનાજના ભીતરી ભાગને ખાઈને દાણાનો ખોખલો કરી નાખે છે.

આ જીવાતથી સુરક્ષિત રાખવા માટે ગુજરાતના લોકો તેને દિવેલમાં ભેળવે છે તેમ જ લીમડાનાં પાંદડા નાખી હવાચુસ્ત ડબ્બા કે કોઠીમાં તેને સંગ્રહ કરે છે. જો કે હાલના સમયમાં લોકો બોરીક પાવડરનો ઉપયોગ કરી આ જીવાતથી ઘઉંને સુરક્ષિત રાખે છે. **મોકલનાર : તળશીભાઈ મો. પટેલ**




# આ મારું ચિત્ર છે



પ્રાંજલ જનકભાઈ કનાળા
(ધોરણ–૩ શ્રી પાણિયા પ્રાથમિક શાળા )



શ્રેયા સોની–અમદાવાદ
(શીવ આસીશ સ્કુલ–જીબીએસઈ– ધો.૯)



પ્રાંજલ જનકભાઈ કનાળા
(ધોરણ–૩, શ્રી પાણીયા પ્રાથમિક શાળા)



શિયાળ માહી કમલેશભાઈ
(ધો.૪–પાણિયા પ્રા.શાળા)

# અમરેલીમાં બ્રહ્મકુમારીઝ સંસ્થા દ્વારા ગોડલી ગાર્ડનમાં વૃક્ષારોપણ



અમરેલી વિશ્વપર્યાવરણ દીન તથા ગુજરાત ઝોનના ડાયરેકટર બ્ર.કુ. સરલાદીદીના સ્મૃતિ દિવસ નિમિતે બ્રહ્માકુમારીઝ અમરેલીના ગોડલી ગાર્ડનમાં વૃક્ષા રોપણ તથા ૧૦૮ રોપાનું વિતરણ કર્યા બાદ બ્ર.કુ. ગીતાદીદીએ રોપાલઈ ગયા બાદ વાવીને ફોટો મોકલવો તેમજ બાળકની સંભાળ લઈ સતત ત્રણ વર્ષ સુધી જતન કરી છોડને મોટા કરવા તથા સ્વચ્છતા અને પર્યાવરણનું જતન કરવાના શપથ લેવડાવેલ આ સમયે ગોડલી ગાર્ડનમાં સંસ્થાના સભ્યો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૪ | ૧૪૧૬ |
| ૨ | ચણા | ૧૦૧૫ | ૧૦૧૫ |
| ૩ | જુવાર સફેદ | ૭૮૦ | ૮૧૦ |
| ૪ | મગફળી | ૧૧૭૦ | ૧૧૭૦ |
| ૫ | રાય | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૬ | તલ સફેદ | ૨૪૦૧ | ૨૫૨૨ |
| ૭ | તલ કાળા | ૩૦૨૨ | ૩૦૨૨ |
| ૮ | બાજરો | ૪૭૫ | ૪૭૫ |
| ૯ | ધાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૦ | રાજગરો | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૧ | મકાઈ | ૩૧૧ | ૩૧૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૦ | ૧૧૭૫ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૨૪૩ |
| ૩ | શીંગદાણા ફાડા | ૧૨૫૦ | ૧૬૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૭૭૦ |
| ૫ | તલ કાળા | ૨૭૭૧ | ૩૨૬૪ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૬૪૨ | ૩૦૭૮ |
| ૭ | બાજરો | ૩૧૦ | ૪૫૬ |
| ૮ | જુવાર | ૪૦૦ | ૮૫૮ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૫૬ | ૫૬૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૯૦ | ૫૭૦ |
| ૧૧ | મગ | ૧૨૦૦ | ૧૬૬૧ |
| ૧૨ | અડદ | ૧૩૭૦ | ૧૮૯૦ |
| ૧૩ | ચણા | ૯૯૨ | ૧૩૧૯ |
| ૧૪ | ચણા દેશી | ૧૩૦૩ | ૧૩૪૩ |
| ૧૫ | તુવેર | ૧૬૩૦ | ૧૯૧૦ |
| ૧૬ | કપાસ | ૯૪૦ | ૧૪૮૩ |
| ૧૭ | એરંડા | ૯૪૫ | ૧૦૭૭ |
| ૧૮ | જીરૂ | ૨૩૦૦ | ૫૪૧૫ |
| ૧૯ | રાય | ૧૧૯૦ | ૧૨૧૦ |
| ૨૦ | ઈસબગુલ | ૧૯૯૦ | ૨૪૦૦ |
| ૨૧ | ધાણા | ૯૦૦ | ૧૩૭૫ |
| ૨૨ | અજમા | ૨૧૫૦ | ૨૧૫૦ |
| ૨૩ | મેથી | ૯૨૦ | ૧૧૧૦ |
| ૨૪ | સોયાબીન | ૮૨૫ | ૮૭૫ |
| ૨૫ | મરચા લાંબા | ૬૦૦ | ૨૯૩૦ |

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીની ખાનગી મેડિકલ કોલેજનાં**

મેડિકલના વિદ્યાર્થીઓએ અપૂરતા સટાઈપેન્ડથી પરેશાન હોવાની સાથે હોસ્ટેલમાં છેલ્લા દોઢથી બે મહિનાથી પાણી આવતુ ન હોય વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ ન્યાય માટે આમથી તેમ ભટકી રહી હોય ત્યારે કોલેજનાં મેનેજમેન્ટને કોઈ ચિંતા થતી નથી. એક તરફ મહિલા શકિતકરણની યોજનાઓ ચાલે અને બીજી તરફ કોલેજની વિદ્યાર્થિઓને પાણી પણ ન મળે ત્યારે રાજકીય પ્રતિનિધિઓએ દરમ્યાનગીરી કરવી જોઈએ તેવી માંગ ઉભી થઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું **ગુજરાતની સાડા છ કરોડની જનતાનું**

અંગે નિમ્ન કક્ષાની ટિપ્પણી કરવામાં આવે તે કેટલા અંશે વ્યાજબી? મતદારો વિશ્વાસ મુકીને સત્તા આપે તો સત્તામાં આવ્યાબાદ જનતાને કોરાણે મુકી દેવાની ભાજપાની નિતિ જનતા જાણી ચુકી છે. લોકસભાના મતદાનમાં અને ત્યારબાદ પરિણામમાં પણ સમગ્ર દેશમાં જોવા મળી. દેશમાં મોંઘવારી, બેરોજગારીની સમસ્યાથી પીડાઈને ભાજપા વિરૂધ્ધ મતદાન કરે તો તેમને શ્વાન સાથે સરખામણી કરવાની ? આવી નિમ્ન માનસિકતાએ ભાજપાના ચાલ, ચલન અને ચરિત્રને ઉજાગર કરે છે.

પહેલા નાગરિકોનું મતદારોનું અપમાન કરવાનું અને ઉહાપોહ થાય એટલે ટ્વીટ ડીલીટ કરવાનું ભાજપાના વરિષ્ઠ નેતાઓની નિતિ રહી છે. મતદારો–નાગરિકોના કરેલાઅપમાનબદલભાજપાનાસંગઠન મહામંત્રીસત્વરે માફી માંગે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૫૧ | ૧૨૭૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૧ | ૧૧૭૧ |
| ૩ | શીંગ નવી | ૧૧૦૦ | ૧૨૫૧ |
| ૪ | શીંગ દાણા | ૧૫૫૧ | – |
| ૫ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૬૫૧ |
| ૬ | તલ કાળા | ૨૯૦૦ | ૩૧૦૦ |
| ૭ | તલ પીળા | ૩૦૦૦ | ૩૨૦૦ |
| ૮ | કપાસ | ૧૩૦૦ | ૧૪૮૬ |
| ૯ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૪૬ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૫૫ |
| ૧૧ | બાજરો | ૩૭૦ | ૪૮૦ |
| ૧૨ | જુવાર | ૪૨૫ | ૯૦૮ |
| ૧૩ | મકાઈ | ૪૦૦ | ૪૨૫ |
| ૧૪ | મગ | ૧૪૭૫ | ૧૬૦૦ |
| ૧૫ | મેથી | ૧૦૦૦ | ૧૦૯૦ |
| ૧૬ | ચણા | ૧૨૮૦ | ૧૩૨૮ |
| ૧૭ | તુવેર | ૧૭૦૦ | ૨૧૫૦ |
| ૧૮ | એરંડી | ૯૫૦ | ૧૦૫૫ |
| ૧૯ | અડદ | ૧૭૦૦ | ૧૯૦૦ |
| ૨૦ | જીરૂ | ૪૮૦૦ | ૫૭૦૦ |
| ૨૧ | ધાણા | ૧૦૦૦ | ૧૩૧૮ |
| ૨૨ | સોયાબીન | ૮૫૦ | ૯૦૦ |
| ૨૩ | વાલ | ૧૧૫૦ | – |

## બગસરા ખાતે ૧૪ જુને વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાશે

બગસરા, તા. ૭

જેસિઝગ્રૃપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૧૪–૬–૨૦૨૪ને શુક્રવારના રોજ ગૌ.વા.અરવિંદભાઈ જમનાદાસ ગોહેલ તથા ગૌ.વા.ભાનુમતિબેન ગોહેલના સ્મરણાર્થે પિયુષભાઈ તથા જીગ્નેશભાઈ ગોહેલ પરિવાર – બગસરાના સૌજન્યથી ૫૯૭ મો વિના મુલ્યે નેત્રનિદાન કેમ્પ શ્રી રણછોડદાસજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટના સહકારથી રાખવામા આવેલ છે. આ કેમ્પમા મોતિયાના ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને વિનામુલ્યે આપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામા આવશે.

આપરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતા બગસરાના વતની સુરેશભાઈ રાયઠઠ્ઠા પરિવાર મુંબઈના સહયોગથી કરવામા આવશે.કેમ્પમા ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પના દિવસે તા. ૧૪/૬/૨૪ને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમા જણાવેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૫૦ | ૧૪૯૨ |
| ૨ | મગફળી | ૧૦૯૦ | ૧૧૩૦ |
| ૩ | ચણા | ૧૧૮૦ | ૧૩૦૦ |
| ૪ | જીરૂ | ૪૩૪૦ | ૫૭૦૦ |
| ૫ | ઘઉં | ૪૮૯ | ૫૧૧ |
| ૬ | તલ સફેદ | ૨૪૮૦ | ૨૫૯૦ |
| ૭ | એરંડા | ૯૫૫ | ૧૦૪૫ |
| ૮ | બાજરો | ૪૦૫ | ૪૪૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૩૮૦ |
| ૨ | ચણા | ૯૦૦ | ૧૨૯૦ |
| ૩ | ધાણા | ૧૧૦૦ | ૧૨૯૫ |
| ૪ | ઘઉં લોકવન | ૪૫૧ | ૪૭૨ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૨૦ | ૪૯૦ |
| ૬ | મેથી | ૯૯૦ | ૯૯૫ |
| ૭ | બાજરો | ૪૦૧ | ૪૦૧ |
| ૮ | તલ સફેદ | ૧૯૨૦ | ૨૫૬૦ |
| ૯ | શીંગફાડા | ૧૨૦૦ | ૧૪૮૨ |
| ૧૦ | સોયાબીન | ૭૯૫ | ૮૯૮ |
| ૧૧ | મગ | ૧૧૦૦ | ૧૫૨૦ |
| ૧૨ | અડદ | ૧૭૫૦ | ૧૭૫૦ |
| ૧૩ | મગફળી | ૯૦૦ | ૧૧૩૦ |

## અવસાન નોંધ

**અમરેલી :** ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ રંજનબેન રમેશચંદ્ર પંડયા (ઉ.વ. ૭૩) તે સમીરભાઈ પંડયા (એસ.ટી. ડીવીઝન અમરેલી) તેમજ ઉષ્માબેન કમલેશકુમાર દવેના માતૃશ્રી, મોનાબેન સમીરભાઈ પંડયા (પીજીવીસીએલ)નાં સાસુ, કમલેશકુમાર દવેનાં સાસુ, ચિ. હેત્વા તથા રોહનનાં દાદીમાંનું તા. ૭/૬/૨૪નાં રોજ અવસાન થયેલ છે.

સદગતનું બેસણું તા. ૧૦/૬/૨૦૨૪ને સોમવારનાં રોજ સાંજે ૪ થી ૬ શશાંક મહાજન પાર્ટી પ્લોટ, સ્ટેશન રોડ, રેલ્વે સ્ટેશન પાસે, અમરેલી ખાતે રાખેલ છે.


## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૦૧ | ૧૧૩૯ |
| ૨ | ઘઉં | ૪૪૭ | ૫૨૫ |
| ૩ | ચણા | ૧૨૦૫ | ૧૩૦૦ |
| ૪ | સફેદ ચણા | ૧૫૩૦ | ૧૫૩૦ |
| ૫ | તુવેર | ૧૦૦૦ | ૧૮૫૫ |
| ૬ | મગ | ૧૫૦૦ | ૧૫૮૬ |
| ૭ | તલ | ૧૯૫૧ | ૨૫૨૦ |
| ૮ | ધાણા | ૯૦૦ | ૧૨૨૫ |
| ૯ | મેથી | ૯૦૦ | ૧૦૫૦ |
| ૧૦ | શીંગ ફાડા | ૧૪૧૦ | ૧૪૧૦ |
| ૧૧ | રાઈ | ૧૦૭૬ | ૧૦૭૬ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૧૨૫ |
| ૨ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૭૫૦ |
| ૩ | તલ કાળા | ૨૬૦૧ | ૨૮૭૦ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૪૬૦ |
| ૫ | બાજરો | ૪૦૦ | ૪૯૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૫૦ |
| ૭ | જુવાર | ૫૪૦ | ૮૮૯ |
| ૮ | મકાઈ | ૪૪૪ | ૪૪૪ |
| ૯ | મગ | ૧૪૦૦ | ૧૫૫૦ |
| ૧૦ | મેથી | ૮૦૦ | ૮૧૫ |
| ૧૧ | તુવેર | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૧૨ | ચણા | ૧૧૧૦ | ૧૨૮૫ |
| ૧૩ | જીરૂ | ૪૦૦૦ | ૪૩૦૧ |
| ૧૪ | રાય | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૫ | સોયાબીન | ૬૭૫ | ૮૫૨ |

# સિક્કિમ સ્ટેટ કો.ઓપ. યુનિયનની મુલાકાતે દિલીપ સંઘાણી



સહકારી તાલીમે, યોજનાઓનું અમલીકરણ, જન જાગૃતિ સેમીનાર વિગેરેનુંઆયોજન સાથેની સ્ટેટ કો.ઓપરેટીવ યુનિયનની કામગીરી જે તે રાજયોના વિકાસમા મહત્વપૂર્ણ કામગીરી કરતુ પાસુ છે અને તેથી જ યુનિયનની કામગીરી ખેતિ માટે આવશ્યક બળ પુરૂ પાડે છે તેમ રાષ્ટ્રિય સહકારી અગ્રણી–ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી એ જીલ્લા સહકારી સંઘની મૂલાકાત લેતા જણાવેલ.સિક્કિમ પ્રવાસન ક્ષેત્ર હોઈ, સહકાર દ્વારા પ્રવાસ ઉદ્યોગમા સામેલગીરી કરવા અને તે દ્વારા રોજગારીની નવી આશાઓને મૂર્તિમંત કરવા જરૂરી પ્રયાસો આગળ ધપાવવા જણાવેલ રાજયના પ્રવાસ દરમ્યાન દિલીપ સંઘાણી અનેક સહકારી એકમો અને યુનિયનોની શુભેચ્છા મૂલાકાત લઈ આવશ્યક વિચાર વિમર્શ કરી રહયા છે આ તકે યુનિયન અધ્યક્ષ તાશી ઉગડૂપ લેપચા, સીઈઓ ફડુંગ ભૂટિયા, એનસીડીએફઆઈ ના મંગલજીત રાય અને ગુજકોમાસોલના ડાયરેકટર ઉપસ્થિત રહયા હતા તેમ કાર્યાલયની અખબારી યાદીમાં જણાવાયુ છે.




### ગોકળગાયને પણ શરમ આવે તે રીતે ચાલતું કામ પૂર્ણ થયું હોય તો

# ભાઈ સા'બ : અમરેલીનાં બસપોર્ટનો પ્રારંભ તો કરો

**હંગામી બસ સ્ટેન્ડમાં છેલ્લા પાંચ-સાત વર્ષથી મુસાફર વર્ગ પરેશાનીનો સામનો કરી રહ્યો છે**

**૨૬ જાન્યુઆરીનાં રોજ લોકાર્પણ થવાની સંભાવના હતી તેને પણ પાંચ મહિના પસાર થઈ ગયા**

**બસપોર્ટનાં આગળનાં ભાગે દુકાનો તો શરૂ થઈ પણ જનતા માટે જરૂરી બસપોર્ટ શરૂ થતું નથી**

**ચોમાસાનાં દિવસો ડોકિયા કરતાં હોય યુદ્ધનાં ધોરણે બસપોર્ટ શરૂ કરવા માંગ થઈ**






અમરેલી, તા. ૭
અમરેલી શહેરમાં સુવિધાસભર બસ પોર્ટ બનાવવા માટે હયાત બસ સ્ટેન્ડને જમીનદોસ્ત કરીને બાજુમાં આવેલ એસ.ટી.નાં વર્કશોપમાં છેલ્લા પાંચ-સાત વર્ષથી સુવિધા વગરનાં હંગામી બસ સ્ટેન્ડથી મુસાફરવર્ગ ગાડુ ગબડાવી રહ્યા હોય ગોકળગાય ગતિએ તૈયાર થયેલ બસ પોર્ટનો ચોમાસા પહેલા પ્રારંભ થાય તેવી માંગ મુસાફરવર્ગમાંથી ઉભી થઈ રહી છે.

જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી કરોડો રૂપિયાનાં ખર્ચે બસ પોર્ટ બનાવવાનો નિર્ણય થયા બાદ બસ પોર્ટની આગળાની બાજુએ દુકાનો બનાવવામાં આવી તેનો પ્રારંભ પણ થઈ ગયો પરંતુ મુસાફરવર્ગ માટે અત્યંત જરૂરી બસ પોર્ટનો પ્રારંભ થતો નથી.

હંગામી બસ સ્ટેન્ડમાં ઉડતી ધુળ, પંખાનો અભાવ જેવી દુવિધાથી મુસાફરવર્ગ ત્રાહીમામ પોકારી ચુકયો છે અને એક સમયે ૨૬ જાન્યુઆરીનાં રોજ બસ પોર્ટનો પ્રારંભ થવાની સંભાવના હતી તેને પણ ખાસ્સો સમય પસાર થયો છતાં બસ પોર્ટનો પ્રારંભ થતો નથી.

આગામી દિવસોમાં ચોમાસાનો પ્રારંભ થતો હોય તે પહેલા બસ પોર્ટ શરૂ કરવામાં આવે તેવી માંગ ઉભી થઈ હોય એસ.ટી. વિભાગનાં અધિકારીઓ આળશ ખંખેરીને ઝડપથી જે કામ બાકી હોય તે પૂર્ણ કરાવીને બસ પોર્ટ શરૂ કરાવે તે જરૂરી છે.

---

### ખેતીકાર્યમાં વિક્ષેપ ઉભો કરતાં રાનીપશુઓ

## ફફડાટ : ધારીનાં જળજીવડી ગામની સીમમાં દીપડાનો પિતા-પુત્રી પર હુમલો

**પાંચ વર્ષની બાળકી રમતી હોય દીપડો ત્રાટકયો**

અમરેલી, તા. ૭
ધારીનાં જળજીવડી ગામે ખેતીકાર્ય કરતાં શ્રમિક અને તેની પાંચ વર્ષની પુત્રી ઉપર દીપડાએ હુમલો કરતાં ઈજાગ્રસ્ત થયેલ બાળકીને પ્રાથમિક સારવાર ધારી અપાયા બાદ વધુ સારવાર અર્થે અમરેલી ખસેડવામાં આવેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, ધારીનાં જળજીવડી ગામનાં સીમ વિસ્તારમાં કેરીનાં બગીચામાં કામ કરતાં સુરેશભાઈ રાઠોડની પાંચ વર્ષની બાળકી રમતી હોય અચાનક આવી ગયેલ દીપડાએ બાળકી ઉપર હુમલો કરતા સુરેશભાઈ પોતાની પુત્રીને બચાવવા દોડતા દીપડો સુરેશભાઈને પણ સામાન્ય ઈજા કરી દીપડો નાસી છુટેલ હતો. ઈજાગ્રસ્ત બાળકીની સારવાર શરૂ છે. વન વિભાગે દીપડાને પાંજરે પુરવા



કવાયત શરૂ કરી હતી. ત્યારે આ દીપડાને વનવિભાગે બેભાન કરી ઝડપી લીધો હતો.

---

### ખનિજ ચોરી સામે તંત્રની લાલ આંખ

## અમરેલી નજીકથી પસાર થતી શેત્રુંજી નદીમાંથી રેતી ચોરી કરનાર વાહનોને ઝડપી લેવાયા

**એક લોડર, બે ટ્રેકટર, એક ડમ્પરને કબ્જે કરાયા**

અમરેલી, તા. ૭
અમરેલી જિલ્લામાં ખનીજ માફિયા બેરોકટોક રીતે ખનીજની બેફામ ખાણચોરી કરતાં હોય, અને આ અંગે છાશવારે અહેવાલો પ્રસિધ્ધ થતાં હોય ત્યારે સ્થાનિક ખાણ ખનીજ વિભાગ દ્વારા દરોડા પાડી એક લોડર બે ટ્રેક્ટર એક ડમ્પર સહિતના વાહનો ખાણ ખનીજ વિભાગે કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરતા ખનીજચોરોમાં ફફડાટ ફેલાયો છે.



આ બનાવમાં સૂત્રોમાંથી મળતી વિગત મુજબ અમરેલી જિલ્લામાં આવેલ રાજસ્થળી વિઠ્ઠલપુર ચરખા કરજાળા આંબા ભેંસવડી સહિતના ગામમાંથી પસાર થતી નદી વિસ્તારમાં ખનીજમાફિયા દ્વારા રેતીની ચોરી થતી હોવાની માહિતી ખાણ ખનીજ વિભાગને મળતાં રાજસ્થળી, વિઠ્ઠલપુર, ચરખા, કરજાળા, આંબા, ભેંસવડી સહિતના ગામની શેત્રુજી નદી વિસ્તારમાં ખાણ ખનીજ વિભાગે દરોડા પાડ્યા હતા. જેમાં એક લોડર બે ટ્રેક્ટર એક ડમ્પર સહિતના વાહનો મળી પચાસ લાખ જેટલો મુદ્દામાલ કબ્જે કરી ખાણ ખનીજ વિભાગે ધોરણસરની કાર્યવાહી હાથ ધરતા ખનીજચોરોમાં ફફડાટ ફેલાયો છે.

---

### વિવાદીત પોસ્ટ ''કુત્તો કો વિકાસ સે કોઈ મત્તલબ નહી હોતા''

## ગુજરાતની સાડા છ કરોડની જનતાનું ભાજપ સંગઠન મહામંત્રીએ અપમાન કર્યાનો આક્ષેપ

**પ્રદેશ કોંગી પ્રવકતા ડો. મનિષ દોશીનો આક્ષેપ**



અમરેલી, તા. ૭
ભાજપાના સંગઠન મહામંત્રી દ્વારા મતદારોને શ્વાન સાથે સરખાવતા અપમાનજનક ટ્વીટ એ ગુજરાતની ૬ કરોડ જનતાનું ઘોર અપમાન છે તેવી આકરી પ્રતિક્રિયા આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડા. મનિષ દોશીએ જણાવ્યુ હતું કે, ભાજપાની નિતિ હંમેશા 'માલ ખતમ મહોબ્બત ખતમ કહેવતની જેમ સત્તા ન મળે તો મતદારો

અનુસંધાન પાના ૬ ઉપર




---

### પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર

## લાઠીનાં શિવાજીચોકમાં રહેતા ૨૮ વર્ષિય યુવકે આત્મહત્યા કરી લીધી

**દોરડા વડે ગળાફાંસો ખાઈ લેતા અરેરાટી**

અમરેલી, તા. ૭
લાઠી ગામે રહેતા ભાવેશભાઈ રામભાઈ ડાંગર નામનાં ૨૮ વર્ષિય યુવકે ગત તા. ૬ના રોજ ૭/૩૦ સવારના લાઠીના શીવાજી ચોક ખાતે આવેલ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે દોરડા વડે ગળાફાંસો ખાઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

### આર્થિક સંકડામણથી જીદગીમાં કંટાળી ગયા

## વડિયાનાં ઢુંઢિયા પીપરીયા ગામના યુવકે ઝેરી દવા પી અંતિમવાટ પકડી

**ગોંડલ ખાતે સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા**

અમરેલી, તા. ૭
વડીયા તાલુકાના ઢુંઢિયા પીપળીયા ગામે રહેતા ભરતભાઈ મનુભાઈ પટોડીયા નામનાં ૩૩ વર્ષિય યુવકને આર્થિક સંકડામણ હોય, તેના કારણે ટેન્શનમાં રહેતા હોય જેથી પોતે પોતાની જિંદગીથી કંટાળી જઈ ગત તા.૫ના સાંજના ૬ વાગ્યાના સુમારે ઢુંઢિયા પીપળીયા ગામે પોતાની મેળે અનાજમાં નાખવાના ઝેરી દવાના ટીકડા પી લેતા સારવાર માટે ગોંડલના હોસ્પિટલમાં ખસેડાયેલ જયાં તેમનું દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.




*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)